મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

૧૬-૦૯-૨૦૨૫
મંગળવાર

વર્ષ : ૧૧ ★ અંક નં : ૧૫૩
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

તંત્રી : પ્રકાશ આર. ચૌધરી

કાર્યાલય : ૯, અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા. ૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગળીના ટેરવે
Garvitakat.com
લિંક પર કલીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો
Garvi Takat. com

## ગુજરાતમાં શિક્ષકોના ગેરકાયદેસર ટ્યુશન અને ડે સ્કૂલ સામે શિક્ષણવિદોની લડત

# એકેડેમિક એસોસિએશન દ્વારા જિલ્લા શિક્ષણ અધિકારીને આવેદનપત્ર આપી રજૂઆત

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૫

ગુજરાતમાં શાળાના શિક્ષકો દ્વારા ચલાવવામાં આવતા ગેરકાયદેસર ટ્યુશન, ડે સ્કૂલ અને ડમી સ્કૂલોની બદી દૂર કરવા માટે મહેસાણા એકેડેમિક એસોસિએશન અને ફેડરેશન ઓફ એકેડેમિક એસોસિએશન (FAA) દ્વારા જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરીમાં આવેદનપત્ર આપવામાં આવ્યું છે. ફેડરેશનના પ્રમુખ હેમાંગ રાવલે જણાવ્યું કે, જો સરકારે આ મુદ્દે તાત્કાલિક પગલાં નહીં લીધાં, તો ગુજરાતના વિવિધ શહેરોમાં વાલીઓ અને વિદ્યાર્થીઓને સાથે રાખીને જનતા રેડનું આયોજન કરવામાં આવશે.



### ફેડરેશનનું વ્યાપ અને આક્ષેપો

ફેડરેશન ઓફ એકેડેમિક એસોસિએશન ગુજરાતની ૫૦,૦૦૦થી વધુ કોચિંગ સંસ્થાઓનું પ્રતિનિધિત્વ કરે છે, જેમાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, મહેસાણા, ભાવનગર, જેતપુર, જુનાગઢ, હિંમતનગર, પાલનપુર, પોરબંદર, ધાંગધ્રા, સુરેન્દ્રનગર, વરાછા, કતારગામ, કેશોદ, ગાંધીનગર સહિતના શહેરોના એસોસિએશનોનો સમાવેશ થાય છે. હેમાંગ રાવલે જણાવ્યું કે, રાઈટ ટૂ એજ્યુકેશન (ઇઈ) કાયદા મુજબ, શાળાના શિક્ષકો શાળાના સમય દરમિયાન કે બાદમાં વેતન કે અવેતન કોઈપણ રીતે ટ્યુશન પ્રવૃત્તિ કરી શકે નહીં. જોકે, ગુજરાતમાં અનેક શાળાઓ અને શિક્ષકો ગેરકાયદેસર ટ્યુશન અને ડે સ્કૂલ ચલાવી રહ્યા છે, જેની ફરિયાદો ફેડરેશનને વારંવાર મળી રહી છે.

### ઇન્ટર્નલ માર્ક્સનો દુરુપયોગ

ફેડરેશનના આવેદનપત્રમાં ધોરણ ૧૦ની બોર્ડ પરીક્ષામાં ઇન્ટર્નલ માર્ક્સની ગેરરીતિનો મુદ્દો પણ ઉઠાવવામાં આવ્યો છે. હેમાંગ રાવલે જણાવ્યું કે, વિદ્યાર્થીઓ ૧૦૦ માર્ક્સની પરીક્ષા આપે છે, પરંતુ રિઝલ્ટમાં ૮૦ માર્ક્સ જ ગણાય છે, જ્યારે ૨૦ માર્ક્સ શાળાઓ દ્વારા ઇન્ટર્નલ મૂલ્યાંકન તરીકે આપવામાં આવે છે. આ ઇન્ટર્નલ માર્ક્સનો દુરુપયોગ કરીને શિક્ષકો વિદ્યાર્થીઓને ટ્યુશનમાં જોડાવા માટે બ્લેકમેલ કરે છે. આ ગેરનીતિ બંધ કરવા ફેડરેશન દ્વારા ઇન્ટર્નલ માર્ક્સની પદ્ધતિ નાબૂદ કરવાની માંગ કરવામાં આવી છે.

### વાલી-વિદ્યાર્થીઓની ફરિયાદો અને ઊઇ કોડ

ફેડરેશન દ્વારા ગૂગલ લિંક અને ઊઇ કોડ દ્વારા વાલીઓ અને વિદ્યાર્થીઓ પાસેથી ગેરકાયદેસર ટ્યુશન અને ડે સ્કૂલોની માહિતી એકત્રિત કરવામાં આવી હતી. આ પ્રક્રિયામાં વાલીઓ અને વિદ્યાર્થીઓએ ગુપ્ત રીતે શિક્ષકો અને શાળાઓની વિગતો આપી, જે જિલ્લા શિક્ષણ અધિકારીને સોંપવામાં આવી છે. આ માહિતીના આધારે ફેડરેશન ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે કડક કાર્યવાહીની માંગ કરે છે.

### આવેદનપત્રની મુખ્ય માંગણીઓ

શિક્ષણવિદોના પ્રતિનિધિ મંડળે જિલ્લા શિક્ષણ અધિકારીને આપેલા આવેદનપત્રમાં નીચેની માંગણીઓ કરવામાં આવી: ૧. ટ્યુશન કરતા શાળાના શિક્ષકો સામે તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવે. ૨. દરેક શાળાએ નોટિસ બોર્ડ પર "અમારા શિક્ષકો ટ્યુશન કરતા નથી" તેવી બાંહેધરી મૂકવાનો નિયમ કડકપણે અમલમાં મૂકવામાં આવે. ૩. ડે સ્કૂલના નામે ચાલતા ગેરકાયદેસર ટ્યુશન અને કરોડો રૂપિયાના વેપલાને બંધ કરવામાં આવે.૪. ડમી સ્કૂલોની બદી દૂર કરવા ટાસ્ક ફોર્સની રચના કરી સત્વરે પગલાં લેવામાં આવે.

### જનતા રેડની ચીમકી

હેમાંગ રાવલે ચેતવણી આપી કે, જો અધિકારીઓ આ મુદ્દાને ગંભીરતાથી નહીં લે, તો ગુજરાતના દરેક શહેરમાં વાલીઓ અને વિદ્યાર્થીઓને સાથે રાખીને જનતા રેડનું આયોજન કરવામાં આવશે. આ લડત શિક્ષણના હિતમાં અને વિદ્યાર્થીઓના ભવિષ્યને સુરક્ષિત કરવા માટે છે, એમ તેમણે ઉમેર્યું.

### આગેવાનોની ઉપસ્થિતિ

આવેદનપત્ર આપવાના કાર્યક્રમમાં ફેડરેશનના પ્રદેશ પ્રમુખ જંકૃત આચાર્ય, દ્રષ્ટિ સમીર ગજ્જર, અમદાવાદ એજ્યુકેશનના પ્રમુખ રાકેશ પરમાર, મહેસાણા એકેડેમિક એસોસિએશનના પ્રમુખ કલ્પેશ પ્રજાપતિ, સુનિલ પટેલ, એસ.પી. પ્રજાપતિ, બી.જે. ચૌધરી, અલ્કેશ પટેલ, રઉફ અલી, મનીષ વ્યાસ, જીતુભાઈ તનવાણી સહિતના શિક્ષણવિદો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ ઘટનાએ ગુજરાતના શિક્ષણ ક્ષેત્રમાં ગેરરીતિઓ સામે લડવાની જરૂરિયાતને ઉજાગર કરી છે. ફેડરેશનની આ લડત વિદ્યાર્થીઓ અને વાલીઓના હિતમાં ન્યાય અને પારદર્શિતા સ્થાપવાનો પ્રયાસ છે.

---

## મહેસાણામાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની ઉપસ્થિતિમાં ભવ્ય બાળ દિનની ઉજવણી

# બીએપીએસ સ્વામિનારાયણ મંદિર દ્વારા ૪૦૦૦ બાળ-બાલિકાઓએ સંસ્કાર, શિક્ષણ અને સત્સંગની પ્રેરણાત્મક પ્રસ્તુતિઓ રજૂ કરી

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૫

બાળકો એ વિશ્વના ભવિષ્યની ધરોહર છે, અને તેમનામાં સંસ્કાર, શિક્ષણ અને સત્સંગનું સિંચન કરવું એ સમાજની પ્રગતિનો પાયો છે. આ ઉદ્દેશ સાથે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા મહેસાણા ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની દિવ્ય ઉપસ્થિતિમાં ભવ્ય બાળ દિનની ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં ૪૦૦૦થી વધુ બાળ-બાલિકાઓએ તેમના વાલીઓ સાથે ભાગ લઈને નૃત્ય, અભિનય, સંવાદ અને સંગીત જેવા વિવિધ માધ્યમો દ્વારા પ્રેરણાત્મક પ્રસ્તુતિઓ રજૂ કરી, જેનો લાભ ૧૫૦૦૦થી વધુ ભક્તો-ભાવિકોએ લીધો.આ કાર્યક્રમે બાળકો, વાલીઓ અને ભક્તોમાં નવું ઉત્સાહ અને પ્રેરણા જગાડી, જે ભવિષ્યમાં સંસ્કારી અને સશક્ત પેઢીના નિર્માણમાં મહત્ત્વનું યોગદાન આપશે.



### સંસ્કાર અને સત્સંગનો સંદેશ

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા દેશભરમાં ૯૦૦૦થી વધુ બાળ-બાલિકા સત્સંગ કેન્દ્રો અને ૧૬૩૬૦થી વધુ કાર્યકરો દ્વારા ૧૫૦૦૦૦થી વધુ આદર્શ બાળકોને તૈયાર કરવાનું સેવાકાર્ય ચાલી રહ્યું છે. મહેસાણા ખાતે ૨૬૫ બાળ-બાલિકા મંડળો આ કાર્યમાં સક્રિય છે. આ બાળ સભાઓ બાળકોમાં સંસ્કાર, શિક્ષણ, સ્વાસ્થ્ય અને સત્સંગના મૂલ્યો દ્રઢ કરે છે. બાળ દિનના કાર્યક્રમમાં બાળકોએ રજૂ કરેલી પ્રસ્તુતિઓએ આજના સમયની સમસ્યાઓ જેવી કે મોબાઈલનું વ્યસન, અભ્યાસમાં ધ્યાનનો અભાવ અને નૈતિક મૂલ્યોની ખોટ જેવા મુદ્દાઓનું સમાધાન બાળ સભાઓ કેવી રીતે આપી શકે છે, તેનું નિદર્શન કર્યું.

### મોબાઈલ વિવેક અને સંસ્કૃતિનું જતન

આજના યુગમાં બાળકોમાં મોબાઈલના વધુ પડતા ઉપયોગની સમસ્યાને ધ્યાને લઈ, પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ દ્વારા દોરાયેલા ચિત્રોના આધારે મોબાઈલ વિવેક અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. હિંદુ સનાતન સંસ્કૃતિના મૂલ્યો 'માતૃદેવો ભવ:, પિતૃદેવો ભવ:'ની ભાવના શ્રવણ કુમારની રજૂઆત દ્વારા બાળકોમાં દ્રઢ કરવામાં આવી. બાળ સભાઓમાં ભાગ લેવાથી અભ્યાસમાં ખલેલ પડે છે તેવી ભ્રમણાને દૂર કરવા, બાળકોની શૈક્ષણિક સિદ્ધિઓને બિરદાવવામાં આવી, જેનાથી વાલીઓને પણ પ્રેરણા મળી.

### 'સત્સંગ દીક્ષા'નો મુખપાઠ અને બાળકોની સિદ્ધિઓ

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ દ્વારા સ્વહસ્તે રચાયેલો 'સત્સંગ દીક્ષા' ગ્રંથ, જેમાં ૩૧૫ સંસ્કૃત શ્લોકો દ્વારા વ્યવહારિક, નૈતિક અને આધ્યાત્મિક જ્ઞાનનો સમન્વય છે, તેનો મુખપાઠ ૧૦૦૦૦થી વધુ બાળકો દ્વારા કરવામાં આવે છે. મહેસાણામાં ૨૦૦થી વધુ બાળકોએ આ ગ્રંથનો સંપૂર્ણ મુખપાઠ કર્યો છે, જેનું પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની ઉપસ્થિતિમાં અભિવાદન કરવામાં આવ્યું. આ મુખપાઠથી બાળકોમાં એકાગ્રતા, સ્મરણશક્તિ, પ્રામાણિકતા અને ધર્મની દ્રઢતા જેવા ગુણો વિકસે છે. આ ઉપરાંત, ૧૧૦ બાળકોએ ક્વિઝના માધ્યમથી 'સત્સંગ દીક્ષા'ના મુખપાઠની રજૂઆત કરી, જેનું ઉપસ્થિત ભક્તોએ ઉત્સાહપૂર્વક સ્વાગત કર્યું.

---

## મહેસાણામાં કેમિકલ ફેક્ટરીમાં ભીષણ આગ, બે કામદારોનું ગૂંગળામણથી મોત થયા હતા

# સામેત્રા ગામ પાસે APN સલ્ફર ફેક્ટરીમાં મોડી રાત્રે બનેલી ઘટનાએ સલામતીના ધોરણો પર ઉઠાવ્યા સવાલ, તપાસ શરૂ

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૫

મહેસાણા જિલ્લાના સામેત્રા ગામ નજીક મહેસાણા-બહુચરાજી રોડ પર આવેલી APN સલ્ફર નામની કેમિકલ ફેક્ટરીમાં મોડી રાત્રે લાગેલી ભીષણ આગની ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ભયનું વાતાવરણ ફેલાવ્યું છે. આ દુર્ઘટનામાં બે કામદારોનું ગૂંગળામણથી મોત થયું હોવાનું સામે આવ્યું છે. ઘટના રાત્રે લગભગ ૧૨ વાગ્યાની આસપાસ બની હતી, જ્યારે ફેક્ટરીમાં નાઈટ શિફ્ટમાં કામ ચાલી રહ્યું હતું.

પ્રાથમિક માહિતી અનુસાર, ફેક્ટરીમાં રાત્રે રિપેરિંગનું કામ ચાલી રહ્યું હતું, તે દરમિયાન અચાનક આગ ભભૂકી ઉઠી. આગની જ્વાળાઓએ ઝડપથી આખી ફેક્ટરીને લપેટમાં લઈ લેતાં કામદારોમાં ભાગદોડ મચી ગઈ. જોકે, બે કામદારો ધુમાડાને કારણે ગૂંગળાઈ જતાં તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું. ફેક્ટરીમાં ખાતર અને સલ્ફર ઉત્પાદનનું કામ થતું હોવાનું જાણવા મળ્યું છે.

### જીપીસીબી અને ઔદ્યોગિક સલામતી વિભાગની તપાસ શરૂ

ઘટનાની જાણ થતાં મહેસાણા જીપીસીબી (ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ)ની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. જીપીસીબીના અધિકારી નરેશ ચૌધરીએ જણાવ્યું કે, "આ એક ઔદ્યોગિક અકસ્માત હતો. અમારી ટીમે તાત્કાલિક તપાસ હાથ ધરી છે. ફેક્ટરીમાં મંજૂરી આપેલ ઉત્પાદનોનું જ ઉત્પાદન થતું હતું કે અન્ય કોઈ પ્રોડક્ટનું ઉત્પાદન થતું હતું, તેની તપાસ ચાલી રહી છે. સલામતીના ધોરણોનું પાલન થયું હતું કે નહીં, તે અંગેનો અહેવાલ ગાંધીનગર મોકલી દેવામાં આવ્યો છે."

આ ઉપરાંત, ઔદ્યોગિક સલામતી વિભાગે પણ ઘટનાસ્થળની તપાસ શરૂ કરી છે. વિભાગે પ્રાથમિક તપાસ પૂર્ણ કરીને નમૂનાઓ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (એફએસએલ)ને મોકલી આપ્યા છે. વિભાગના એક અધિકારીએ જણાવ્યું કે, "ફેક્ટરીમાં દિવસે ઉત્પાદનનું કામ થતું હતું, જ્યારે રાત્રે રિપેરિંગનું કામ ચાલતું હતું. આગ રિપેરિંગ દરમિયાન લાગી હોવાનું પ્રાથમિક તપાસમાં જણાયું છે. જો કોઈ ગુનેગાર જણાશે, તો તેની સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવશે."

---

## મહેસાણા જિલ્લામાં આગામી તા. ૧૭ સપ્ટેમ્બરથી યોજાશે 'સ્વચ્છતા હી સેવા' અભિયાન

# જિલ્લામાં આગામી તારીખ ૧૭ સપ્ટેમ્બરથી ૦૨ ઓક્ટોબર દરમિયાન સ્વચ્છતાની વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૫

મહાત્મા ગાંધીજીની જન્મ જયંતી ૨જી ઓક્ટોબરને સમગ્ર દેશમાં સ્વચ્છતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે, સ્વચ્છ ભારત મિશનના ૧૧ વર્ષની ઉજવણીના ભાગરૂપે સ્વચ્છતા હિ સેવા ૨૦૨૫ને 'સ્વચ્છોત્સવ' તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. મહેસાણા જિલ્લામાં સ્વચ્છતા હિ સેવા 'સ્વચ્છોત્સવ' કાર્યક્રમ અંતર્ગત આગામી ૧૭ સપ્ટેમ્બરથી ૦૨ ઓક્ટોબર દરમિયાન સ્વચ્છતાની વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે. આ સ્વછોત્સવ કાર્યક્રમના સુચારુ આયોજન માટે મહેસાણા જિલ્લા કલેકટરશ્રી એસ.કે. પ્રજાપતિના અધ્યક્ષસ્થાને આજરોજ



કલેકટર કચેરી ખાતે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા કલેકટરશ્રી એસ. કે પ્રજાપતિએ જણાવ્યું હતું કે, દર વર્ષે ૨ ઓક્ટોબરના રોજ સ્વચ્છતા દિવસ ઉજવવામાં આવે છે, આ સ્વચ્છતા દિવસ નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. સ્વચ્છતા દિવસ અંતર્ગત મહેસાણા જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં આગામી તા.૧૭ સપ્ટેમ્બરથી ૦૨ ઓક્ટોબર દરમિયાન સ્વચ્છતાની વિવિધ પ્રવૃતિઓ હાથ ધરવામાં આવશે.

વધુમાં તેમણે જણાવ્યું કે, આગામી તા.૧૭ સપ્ટેમ્બરથી ૦૨ ઓક્ટોબર દરમિયાન મહેસાણા જિલ્લામાં સ્વચ્છોત્સવ કાર્યક્રમ અંતર્ગત જિલ્લાના પબ્લિક ટ્રાન્સપોર્ટ હબ અને માર્ગની સફાઈ, ધાર્મિક અને પ્રવાસન સ્થળોની સફાઈ, વોટર બોડીસ/ નાળાની સફાઈ, ચોરા,/ પ્રતિમાઓ અને ખુલ્લા પ્લોટની સફાઈ, માર્કેટ અને વાણિજ્ય વિસ્તારની સફાઈ, સરકારી કચેરી / સંસ્થાઓની સફાઈ અને શ્રમદાન દિવસ સહિતના કાર્યક્રમો યોજાશે. આ કાર્યક્રમોના સુચારું આયોજન અંગે જિલ્લા કલેકટરશ્રીએ સંબંધિત અધિકારીઓને જરૂરી સુચના સાથે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડૉ. હસરત જૈસમીને જિલ્લામાં સ્વચ્છોત્સવ કાર્યક્રમ દરમિયાન યોજાનાર વિવિધ પ્રવૃત્તિઓમાં લોકો સહભાગી બને તે માટે સોશિયલ મીડિયાના માધ્યમથી પ્રચાર પ્રસારની અસરકારક કામગીરી કરવા જણાવ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના ઈન્ચાર્જ નિયામકશ્રી હર્ષનિધિ શાહે 'સ્વચ્છોત્સવ' કાર્યક્રમ અંતર્ગત યોજાનાર વિવિધ પ્રવૃત્તિઓ અંગે વિગતવાર જાણકારી આપી હતી.

આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટરશ્રી જશવંત કે. જેગોડા, પ્રાંત અધિકારીશ્રીઓ તેમજ સંકલનના તમામ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.




## મણિપુરમાં શાંતિની આશા, વડા પ્રધાન મોદીની મહત્વપૂર્ણ મુલાકાત

લગભગ અઢી વર્ષ પહેલાં હિંસાની આગમાં ખરાબ રીતે સળગી ગયેલા વડા પ્રધાનની મણિપુરની મુલાકાતે સમગ્ર દેશનું ધ્યાન ખેંચ્યું. આ મુલાકાતે એવી આશા જગાવી છે કે ઉત્તર-પૂર્વ ક્ષેત્રનું આ રાજ્ય ઝડપથી શાંતિ તરફ આગળ વધશે અને દુશ્મનાવટનો અંત આવશે, જેના કારણે અહીં લાંબા સમયથી અશાંતિ હતી અને જેમાં ઘણા લોકો માર્યા ગયા હતા અને ઘણા લોકો વિસ્થાપિત થયા હતા. એવું માનવા માટે પૂરતા કારણો છે કે આ લાંબા અશાંતિને કારણે વડા પ્રધાનની મણિપુરની મુલાકાતમાં વિલંબ થયો. જોકે વિપક્ષી પક્ષોએ આ મુદ્દો ઉઠાવ્યો હતો કે વડા પ્રધાન મણિપુર કેમ નથી જતા, પરંતુ તેનો કોઈ અર્થ નહોતો.

મહત્વની વાત વડા પ્રધાનની મણિપુર મુલાકાત નહોતી, પરંતુ અહીં શાંતિ કેવી રીતે સ્થાપિત થાય તે સુનિશ્ચિત કરવું તે હતી. એ વિચિત્ર છે કે હવે વડા પ્રધાન મણિપુર પહોંચ્યા પછી, વિપક્ષ તમામ પ્રકારના પ્રશ્નો ઉભા કરી રહ્યું છે અને રાહુલ ગાંધી કહી રહ્યા છે કે મુદ્દો વડા પ્રધાનની મણિપુર મુલાકાતનો નથી, પરંતુ મત ચોરીનો છે. આ હાસ્યાસ્પદ છે. આનો અર્થ એ છે કે વડા પ્રધાનના મણિપુર ન જવાના મુદ્દાને ઉછાળવામાં આવી રહ્યો હતો.

ગમે તે હોય, વડા પ્રધાનની મણિપુર મુલાકાત એ સંકેત આપે છે કે ત્યાં આવા પગલાં લેવામાં આવ્યા છે, જે કાયમી શાંતિનો માર્ગ મોકળો કરશે. આવું થાય તે માટે, રાજ્ય વહીવટીતંત્ર તેમજ કેન્દ્ર સરકારે સતર્ક રહેવું પડશે. આ સંદર્ભમાં, એ પણ જોવું પડશે કે હિંસા અને વંશીય દુશ્મનાવટને કારણે વિસ્થાપિત થયેલા મોટી સંખ્યામાં લોકો તેમના ઘરે પાછા ફરી શકે છે.

મણિપુરમાં એવું વાતાવરણ બનાવવું દરેકની પ્રાથમિકતા હોવી જોઈએ કે કુકી અને મેઈતેઈ સમુદાયના લોકો એકબીજાના વિસ્તારોની મુલાકાત લઈ શકે અને જરૂર પડ્યે ત્યાં રહી શકે. સંતોષકારક વાત છે કે મણિપુર હવે શાંતિપૂર્ણ છે, પરંતુ બે મુખ્ય સમુદાયો, કુકી અને મેઈતેઈ વચ્ચે હજુ પણ મતભેદો ચાલુ છે.

મણિપુરમાં કાયમી શાંતિ માટે, મ્યાનમારથી થતી ઘૂસણખોરી પર રોક લગાવવી પડશે અને ત્યાંથી ડ્રગ્સની દાણચોરી પર પણ રોક લગાવવી પડશે. મણિપુર રાજકીય સ્થિરતાથી વંચિત હોવાથી, આનો પણ ઉકેલ લાવવો પડશે. હાલમાં, અહીં રાષ્ટ્રપતિ શાસન લાગુ છે અને વિધાનસભા સ્થગિત હોવાથી, ભવિષ્યમાં સરકાર રચવાની શક્યતાઓ છે, પરંતુ સરકાર એવી હોવી જોઈએ કે તેના પર તમામ વર્ગોનો વિશ્વાસ હોય. એ સ્પષ્ટ છે કે ભાવિ સરકારની રચનામાં, પક્ષીય રાજકીય હિત કરતાં મણિપુરની શાંતિને વધુ મહત્વ આપવું જોઈએ. હવે જ્યારે વડા પ્રધાન મણિપુરમાં શાંતિ અને વિકાસ સુનિશ્ચિત કરવા પર ભાર મૂકી રહ્યા છે, ત્યારે આ રાજ્યમાં હિંસા ભડકવાના કારણોને ઉકેલવા માટે પણ પ્રયાસો કરવા જરૂરી છે.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

### સવારમાં ધમકી ભર્યા ઈ-મેલ મળતા પોલીસે કોર્ટમાં સર્ચ હાથ ધર્યું

## ગુજરાત હાઈકોર્ટને ત્રણ મહિનામાં ચોથીવાર બોમ્બથી ઉડાવી દેવાની ધમકી : દોડધામ

અમદાવાદ,તા.૧૫

આજે સવારે ગુજરાત હાઈકોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. અજાણી વ્યક્તિ દ્વારા ધમકીભર્યો હાઈકોર્ટને ઈ-મેલ કરવામાં આવ્યો હતો. હાઈકોર્ટના રજીસ્ટ્રાર દ્વારા સોલા પોલીસને આ અંગે જાણ કરવામાં આવી હતી.

જે બાદ પોલીસ દ્વારા તાત્કાલિક હાઈકોર્ટ પહોંચી તપાસ કરવામાં આ ૯ જૂનના રોજ હાઈકોર્ટને બોમ્બથી ઉડાવાની ધમકી મળી હતી ઉલ્લેખનીય છે કે, આ અગાઉ ૯ જૂનના રોજ ગુજરાત હાઈકોર્ટને




બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. હાઈકોર્ટના ઈ-મેલ પર અજાણી વ્યક્તિએ ઈ-મેલ કર્યો હતો. જે બાદ પોલીસ દ્વારા તાત્કાલિક હાઈકોર્ટમાં સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

આ ઘટનાને પગલે રિસેસ બાદ હાઈકોર્ટ બંધ કરવાની સૂચના આપવામાં આવી હતી. આ સાથે જ વકીલોને પણ કોર્ટ છોડવા સૂચન કરાયું હતું.

૩ જૂનના રોજ જીનિવા લિબરલ સ્કૂલને બોમ્બથી ઉડાવવાની ધમકી મળી હતી ૩ જૂનના રોજ સ્કૂલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. અમદાવાદમાં જીઁ રિંગરોડ પર આવેલી જીનિવા લિબરલ સ્કૂલને ધમકીભર્યો ઈ-મેલ મળ્યો હતો. સ્કૂલે આ ધમકી અંગે પોલીસ-ફ્ઈ કચેરીને જાણ કરી હતી. રેપકેસમાં પોલીસનું ધ્યાન ખેંચવા માટે શાળામાં બ્લાસ્ટની ધમકી અપાઈ હતી.

## વેપારીને લોભામણી લાલચ આપી ઈમ્પોર્ટ-એક્સપોર્ટના નામે રૂપિયા ૨.૬૮ કરોડની છેતરપિંડી આચરતા પોલીસ ફરિયાદ

સુરત,તા.૧૫

સુરતના અડાજણ વિસ્તારમાં એક વેપારી સાથે ૨.૬૮ કરોડ રૂપિયાની છેતરપિંડીનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. વેપારીને ઈમ્પોર્ટ-એક્સપોર્ટના ધંધામાં ઊંચા નફાની લાલચ આપીને પ્રતીક ઉર્ફે રાહુલ પટેલ નામના એજન્ટે કરોડોનું રોકાણ કરાવ્યું અને પછી પૈસા પચાવી પાડ્યા. જ્યારે વેપારીએ પોતાના પૈસા પાછા માંગ્યા, ત્યારે આરોપીએ તેને યુકેથી ભારતના કોઈપણ એરપોર્ટ પરથી ગાયબ કરાવી દેવાની ધમકી આપી સાથે અમદાવાદમાં રહેતા માતા-પિતાના ઘરે જવાની પણ ધમકી આપી.

આખરે, વેપારીએ પોલીસ ફરિયાદ નોંધાવતા અડાજણ પોલીસે આરોપી પ્રતીકની ધરપકડ કરી છે અને વધુ તપાસ હાથ ધરી છે.અડાજણ પોલીસ સ્ટેશનના જણાવ્યા મુજબ, વિશાલ નગર એપાર્ટમેન્ટમાં રહેતા ૪૩ વર્ષીય જીગર તુષારભાઈ શાહ, જેઓ વિદેશમાં કિચન અને બાથરૂમની સામગ્રીનો વેપાર કરે છે, તેમનો પરિચય તેમના એક મિત્ર મારફતે પાલ વિસ્તારના પ્રતિક ઉર્ફે રાહુલ નરેન્દ્રભાઈ પટેલ સાથે થયો હતો. નિશાલ આર્કેડમાં પ્રતિક 'વૈષ્ણોદેવી સેલ્સ' નામથી ઈમ્પોર્ટ-એક્સપોર્ટનો ધંધો કરતો હોવાનો દાવો કરતો હતો.




પ્રતિકની વાતોથી પ્રભાવિત થઈ જીગરભાઈએ ૩૧ મે ૨૦૨૩ના રોજ ૩૦ લાખ રૂપિયાનું પ્રારંભિક રોકાણ કર્યું. આ રોકાણ બાદ પ્રતિકે એક મહિના પછી વિશ્વાસમાં લેવા માટે ૪% નફા સાથે ૧.૨૦ લાખ રૂપિયા પરત આપ્યા. આ કૃત્યથી જીગરભાઈનો વિશ્વાસ દ્રઢ થઈ ગયો અને તેઓ મોટા પાયે રોકાણ કરવા માટે સંમત થયા. જોકે, જીગરભાઈએ જ્યારે ઈમ્પોર્ટ-એક્સપોર્ટનું લાયસન્સ માંગ્યું ત્યારે પ્રતિકે ગલ્લાતલ્લા કર્યા અને કહ્યું કે, 'ચિંતા ન કરો, હાલમાં મારી પાસે લાયસન્સ નથી પણ આવતાં-જતાં હું તમને બતાવી દઈશ.'

આ રીતે વિશ્વાસમાં લીધા બાદ પ્રતિકે જીગરભાઈ પાસેથી ટુકડે-ટુકડે કુલ ૨.૬૮ કરોડ રૂપિયાનું રોકાણ કરાવ્યું. બે વર્ષ વીતી ગયા બાદ પણ જ્યારે જીગરભાઈએ તેમના પૈસા અને હિસાબ માંગ્યો, ત્યારે પ્રતિકે ખોટા વાયદાઓ આપવાનું શરૂ કર્યું. તેણે જુદા જુદા બહાના કાઢી સમય પસાર કર્યો, જેમ કે 'પૈસા ધંધામાં રોકાયેલા છે,' 'વિદેશથી માલ આવી ગયો છે અને ગોડાઉનમાં પડ્યો છે,' અને 'અમુક માલ કન્ટેનર અને ગાડીમાં લોડ થઈને આવી રહ્યો છે.' તે જીગરભાઈને માલના ખોટા ફોટા પણ મોકલતો હતો.

વારંવાર પૈસાની માંગણી કરવા છતાં કોઈ સંતોષકારક જવાબ ન મળતા જીગરભાઈને શંકા ગઈ. જ્યારે તેમણે વધુ દબાણ કર્યું, ત્યારે પ્રતિકે પોતાનો અસલી ચહેરો બતાવ્યો. તેણે પૈસા પરત ન આપવા પડે તે માટે જીગરભાઈને ધમકીઓ આપવાનું શરૂ કર્યું. પ્રતિકે જીગરભાઈને ધમકી આપી કે જો તેઓ પૈસાની માંગણી કરશે તો તેમને યુકેથી ભારતના કોઈપણ એરપોર્ટ પરથી ગાયબ કરાવી દેવામાં આવશે.આ ઉપરાંત, તેણે અમદાવાદમાં રહેતા જીગરભાઈના માતા-પિતાના ઘરે જવાની પણ ધમકી આપી.આખરે, નિરાશ થઈ જીગરભાઈએ ગતરોજ અડાજણ પોલીસ સ્ટેશનમાં પ્રતિક ઉર્ફે રાહુલ પટેલ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી. પોલીસે આ મામલે ગુનો દાખલ કરી આરોપી પ્રતીકની ધરપકડ કરી છે.

### રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે હવે ચીન પર પણ ૫૦ થી ૧૦૦ ટકા ટેરિફ લાદવાની માંગ કરી

વોશિંગ્ટન,તા.૧૫

ભારત પછી, યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે હવે ચીન પર પણ ૫૦ થી ૧૦૦ ટકા ટેરિફ લાદવાની માંગ કરી છે. તેમણે શનિવારે આ સંદર્ભે ઉત્તર એટલાન્ટિક સંગઠન (નાટો) ને પત્ર લખ્યો છે. ટ્રમ્પે રશિયાના યુદ્ધ મશીનને તોડવા માટે ચીન પર ૫૦-૧૦૦% ટેરિફ લાદવાની માંગ કરી હતી. તેમણે નાટો દેશોને રશિયા પાસેથી તેલ ખરીદવાનું બંધ કરવા અને ચીન પર કડક પ્રતિબંધો લાદવા વિનંતી કરી છે. જેથી યુક્રેનમાં ચાલી રહેલા યુદ્ધનો અંત આવી શકે. આ સાથે, રશિયાની આર્થિક સ્થિતિ નબળી પડી શકે.ટ્રમ્પે નાટો દેશોને એક પત્ર લખ્યો જે તેમના સત્ય સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવામાં આવ્યો હતો.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષઃ** જીવનસાથી તમારી સર્જનાત્મક ક્રિયાઓથી પ્રભાવિત થશે અને મહત્વપૂર્ણ કાર્યોમાં તમારી સલાહ લેશે. ધાર્મિક કાર્યમાં થોડો ખર્ચ થશે, પરંતુ તે તમારી ખ્યાતિમાં વધારો કરશે.

**વૃષભઃ** આજનો દિવસ મિશ્રિત ફળ આપશે. વિદ્યાર્થીઓ માટે વિદેશમાં શિક્ષણ મેળવવા, કાર્યોમાં એકાગ્રતા જાળવવા માટે સમય સારો છે. વાણીની નરમાઈ તમારી પ્રતિષ્ઠામાં વધારો કરશે.

**મિથુનઃ** આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. ધંધામાં કોઈ સાથીદાર કે સંબંધી દ્વારા માનસિક તણાવ પેદા થઈ શકે છે, ધૈર્ય રાખો. પૈસાના વ્યવહારમાં સાવચેત રહો, નહીં તો આજે અપાયેલા પૈસા પાછા આવવાની સંભાવના ઓછી રહેશે.

**કર્કઃ** અચાનક પારિવારિક ખર્ચ માનસિક દબાણમાં વધારો કરી શકે છે. આજીવિકાના ક્ષેત્રે ચાલુ પ્રયત્નો સફળ થશે અને ભાઇઓના સહયોગથી લાભની સ્થિતિ ઉદ્ભવશે. રાજકીય સહયોગ મળશે અને અટકેલા સરકારી કામ પૂરા થશે.

**સિંહઃ** કૌટુંબિક સહયોગ મળશે અને નવા વેપારીઓને લાભ થશે. રાજકીય દિશામાં કરવામાં આવેલા પ્રયત્નો ફળદાયી થશે, સાર્વજનિક સારો સહયોગ પ્રાપ્ત થશે.

**કન્યાઃ** તમે તમારા જીવનસાથી સાથે સારો સમય પસાર કરશો. સફળ વ્યાવસાયિક યોજનાઓ તમારી પ્રતિષ્ઠામાં વધારો કરશે અને તમારા બધા કાર્યોમાં મદદરૂપ થશે. પારિવારિક સમસ્યાઓનો અંત અને મહત્વપૂર્ણ કાર્યો સંપન્ન થતા તમારું વર્ચસ્વ વધશે.

**તુલાઃ** ધંધામાં લાભની શરતો રહેશે અને નવી તકો પણ મળશે. તબીબી વ્યાવસાયિકોની પ્રતિષ્ઠા વધશે અને આર્થિક સ્થિતિ સુધરતી રહેશે. લવ લાઇફમાં વધારે અપેક્ષાઓ નિરાશા તરફ દોરી શકે છે.

**વૃશ્ચિકઃ** વિદ્યાર્થીઓને ગુરુઓની મદદથી ભાવિની યોજના બનાવવાની તક મળશે. આજીવિકા રોજગારની દિશામાં કરવામાં આવેલા પ્રયત્નોથી સફળતા મળશે. પ્રેમ જીવનમાં તમને ભેટ મળશે. જરૂરી કાર્યો પૂરા કરવા માટે અન્યનો સહકાર લેવામાં તમે સફળ થશો.

**ધનઃ** વધુ મહેનતને કારણે સ્વાસ્થ્ય કંઈક નરમ રહેશે. સમાજ તરફથી ઇચ્છિત સહયોગ મળશે. જો તમે નોકરી કરો છો તો તમારા અધિકારો વધશે અને જવાબદારી વધશે.

**મકરઃ** લવ મેરેજ ઈચ્છુક માટે સમય અનુકૂળ છે. માતાના સ્વાસ્થ્યની સંભાળ રાખો અને ડોકટરો પાસે તપાસ કરાવો. વિવાહિત જીવન સુખી રહેશે અને આર્થિક સ્થિતિ મજબૂત થવાના કારણે ભંડોળમાં વૃદ્ધિના સંકેત મળશે.

**કુંભઃ** ઈચ્છાશક્તિ અને સંકલ્પના કારણે તમને ધંધામાં સારો લાભ મળશે અને મિત્રોની સહાયથી વ્યવસાયિક યોજના મજબૂત બનશે. પિતાનું માર્ગદર્શન તમને મુશ્કેલ નિર્ણયો લેવામાં મદદ કરશે.

**મીનઃ** તમને કોર્ટ સંબંધિત બાબતોમાં ફાયદો થશે અને નસીબ પણ જોખમી નિર્ણયમાં તમને સહયોગ આપશે. રોજગાર ક્ષેત્રે ચાલુ પ્રયત્નો સફળ થશે. આકસ્મિક ધન લાભ થવાના યોગ બની રહ્યા છે.

## ફિલ્મી ગપશપ

### નેપાળના નવા PMના પતિએ એક સમયે વિમાનનું અપહરણ કર્યું હતુ

## બોલીવુડની એક સમયની અભિનેત્રી માલાસિંહા આ વિમાનમાં સફર કરતી હતી : રોમાંચક ઘટના



નવી દિલ્હીઃ નેપાળ હિંસાની વચ્ચે જે એક નામ સૌથી વધારે ચર્ચામાં આવ્યું છે, તે નામ છે સુશીલા કાર્કી... નેપાળના પૂર્વ પીએમ કેપી શર્મા ઓલીના ગાયબ થયા બાદ સુશીલા કાર્કીનું નામ નેપાળના વચગાળાના પ્રમુખ તરીકે સામે આવ્યું છે.

૧૧ જૂલાઈ ૨૦૧૬ના રોજ નેપાળના પ્રથમ મહિલા મુખ્ય ન્યાયાધીશ બનેલા સુશીલાએ પોતાના એક વર્ષના કાર્યકાળમાં ભ્રષ્ટાચાર વિરૂધ્ધ સાહસી નિર્ણયો લીધા હતા, જેના કારણે દેશના લોકોની નજરમાં તેઓ નાયિકા બની ગયા. પણ આ વિડંબના નહીં તો બીજું શું કહીએ કે તે એમની પત્ની છે, જે ૧૯૭૩માં પ્લેન હાઈજેકમાં સામેલ હતા અને આ પ્લેનમાં બોલિવૂડની સુંદર એક્ટ્રેસ માલા સિન્હા પણ બેઠી હતી.

માલા સિન્હા હિન્દી સિનેમાની જાણીતી અને સુંદર એક્ટ્રેસમાંથી એક રહી છે. તે એક સમયે એવી ઘટનામાંથી પસાર થઈ હતી, જે કોઈ બોલિવૂડ સીનથી કમ નહોતો. વર્ષ ૧૯૭૩નું અને જગ્યા હતી નેપાળની. રોયલ નેપાળ એરલાઈન્સનું વિમાન બિરાટનગરથી કાઠમંડુ જઈ રહ્યું હતું, જેમાં માલા સિન્હા પણ બેઠા હતા.

અચાનક આ વિમાનને હાઈજેક કરી લેવામાં આવ્યું હતું. રસપ્રદ વાત એ હતી કે આ હાઈજેકિંગ પાછળ કોઈ આતંકી નહીં, પણ નેપાળી કોંગ્રેસના યુવા નેતા દુર્ગા પ્રસાદ સુબેદી હતા.

હકીકતમાં જોઈએ તો, ૧૦ જૂન, ૧૯૭૩ના રોજ વિરાટનગરથી કાઠમંડુ જતી વખતે રોયલ નેપાલ એરલાઈન્સના એક વિમાનને હાઈજેક કરી લેવામાં આવ્યું હતું, આ વિમાનમાં ૧૯ મુસાફરો બેઠા હતા. આ ૧૯ યાત્રીઓમાંથી એક એક્ટ્રેસ માલા સિન્હા પણ હતા. આ હાઈજેકિંગે ન ફક્ત નેપાળના રાજકારણ પણ બોલિવૂડની દુનિયામાં પણ સનસનાટી ફેલાવી દીધી હતી.

હાઈજેકનું મુખ્ય કારણ એ ૩૦ લાખ રૂપિયા હતા, જે વિરાટનગરની બેંકમાંથી લઈ જવામાં આવી રહ્યા હતા. આ હાઈજેક તત્કાલિન પ્રધાનમંત્રી ગિરિજા પ્રસાદ કોઈરાલાના નેતૃત્વમાં થયા હતા, જે રાજાશાહી વિરુદ્ધ સશસ્ત્ર સંઘર્ષ માટે ધન એકઠું કરવા માગતા હતા.

વિમાનને બિહારથી ફોર્બ્સગંજમાં ઉતારવામાં આવ્યું અને પૈસાને કારથી દાર્જિલિંગ લઈ જવામાં આવ્યા. સુબેદી અને બીજા અપહરણકર્તાઓને બાદમાં મુંબઈમાં ધરપકડ કર્યા અને ૧૯૭૫માં ઈમરજન્સી દરમ્યાન તેમને મુક્ત કરી દેવામાં આવ્યા હતા.

## વાઇબ્રન્ટ નવરાત્રી ૨૦૨૫ : જીએમડીસી ગ્રાઉન્ડમાં આ વખતે ૯ દિવસ કલાકારો બોલાવશે ગરબાની રમઝટ

અમદાવાદ,તા.૧૫

અમદાવાદમાં દર વર્ષે રાજ્ય સરકાર દ્વારા નવરાત્રીના તહેવારમાં વાઈબ્રન્ટ નવરાત્રી ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ ગુજરાત યુનિવર્સિટી ગ્રાઉન્ડ ખાતે ૨૨ સપ્ટેમ્બરથી ૧ ઓક્ટોબર દરમિયાન નવરાત્રી ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવશે. ગુજરાત ટુરિઝમ દ્વારા કરાયેલી જાહેરાત મુજબ, આ વર્ષની થીમ 'આહવાન મા આદ્યા શક્તિ' છે અને તે ગુજરાતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા, આધ્યાત્મિક પરંપરા અને સમુદાયની સહભાગિતાનો ભવ્ય ઉત્સવ બનશે.

નવરાત્રી મહોત્સવનો ઉદ્ઘાટન સમારોહ ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ યોજાશે, જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરા ઉપસ્થિત રહેશે. ગુજરાતમાં પ્રથમ વખત, ગરબા રમવાના વિસ્તાર માટે ખાસ એમ્ફીથિયેટર શૈલીનું વિશિષ્ટ લેઆઉટ તૈયાર કરવામાં આવશે, જેમાં આરામદાયક બેઠકો સાથે ગરબા જોવાનો આનંદ માણી શકાશે અને આખો અનુભવ વધુ રસપ્રદ બનશે.

ઉદ્ઘાટનના દિવસે રાજ્યભરમાંથી ૧,૦૦૦થી વધુ કલાકારો, જેમાં પ્રાચીન, અર્વાચીન, અને રાસ-દાંડિયાના જાણીતા કલાકારો સામેલ રહી, પરંપરાગત ગરબાનું અદ્વિતીય પ્રદર્શન કરશે. આ કાર્યક્રમ યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના સહયોગથી આયોજિત કરવામાં આવી રહ્યો છે. સ્થળને થીમ આધારિત દરવાજાઓથી શોભાવવામાં આવશે, જેમાં પ્રસિદ્ધ ×કળશ ગેટ× પણ હશે, જે સમૃદ્ધિ અને ભક્તિનું પ્રતિક છે. આ શણગાર પરંપરાઓને ઉજવતા મુલાકાતીઓને મનમોહક દશ્યોનો અનુભવ આપશે.

આ વર્ષે નાના જૂથ માટે ૯ ખાસ ગરબા ઝોન તૈયાર કરવામાં આવ્યા છે. દરેક ઝોનમાં મહત્તમ ૫૦ સભ્યો આરામથી ભાગ લઈ શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. ટિકિટની કિંમત દર વ્યક્તિ દીઠ ?૧૦૦ની રહેશે તેમજ ગ્રુપ બુકિંગ, BokoMyShow પર, ૨૫ અને ૧૫ સભ્યોના સેટમાં ઉપલબ્ધ રહેશે, જે આ ઉત્સવને ખાનગી અને સલામત રીતે માણવાની તક આપશે.નવરાત્રી મહોત્સવ દરમિયાન સેલ્ફી પોઈન્ટ્સ તેમજ ફોટો-ઝોન, મહાઆરતી, બાળકો માટેની ખાસ કિડ્સ સિટી (બાળ નગરી), ફૂડ કોર્ટ અને હેન્ડીક્રાફટ બજાર જેવી અનેક આકર્ષક પ્રવૃત્તિઓ રહેશે, જે દરેક વયના લોકો માટે મનોરંજન અને યાદગાર અનુભવ પૂરો પાડશે.



નવરાત્રિમાં ભાગ લેનાર કલાકાર- ગ્રુપ અને તારીખઃ ૨૨/૦૯/૨૦૨૫ - સમીર અને શ્રી માના રાવલ, ૨૩/૦૯/૨૦૨૫ - પ્રહાર વોરા,૨૪/૦૯/૨૦૨૫ - કાજલ મહેરિયા,૨૫/૦૯/૨૦૨૫ - યશ બારોટ,૨૬/૦૯/૨૦૨૫ - ઓસમાણ મીર,૨૭/૦૯/૨૦૨૫ - નારાયણ ઠક્કર ૨૮/૦૯/૨૦૨૫ - જીગ્નેશ કવિરાજ ૨૯/૦૯/૨૦૨૫ - અભિતબેન પટેલ ૩૦/૦૯/૨૦૨૫ - પાયલ વેખરીયા ૦૧/૧૦/૨૦૨૫ - લાલિત્ય મુન્શા .

## યુપીના જૌનપુરમાં ટ્રેલર સાથે ધડામ દઇને લક્ઝરી બસ ટકરાતા ૪ના મોત

જૌનપુર,તા.૧૫

છત્તીસગઢથી ધાર્મિક સ્થળોની મુલાકાત લેવા માટે યાત્રાળુઓને લઈ જતી બસને યુપીના જૌનપુરમાં અકસ્માત નડ્યો. અયોધ્યાથી વારાણસી જઈ રહેલી આ લક્ઝરી સ્લીપર બસ લાઇન બજાર પોલીસ સ્ટેશન વિસ્તારમાં સિહીપુર ક્રોસિંગ પાસે ઓવરટેક કરવાનો પ્રયાસ કરતી વખતે ટ્રેલર સાથે અથડાઈ ગઈ.



અકસ્માતમાં ચાર લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા જ્યારે નવ મુસાફરો ગંભીર રીતે ઘાયલ થયા હતા.

બસમાં લગભગ ૫૦ મુસાફરો હતા, જેમાંથી મોટાભાગના છત્તીસગઢના હતા. આ બધા અયોધ્યાના દર્શન કર્યા પછી કાશી વિશ્વનાથ મંદિરના દર્શન કરવા વારાણસી જઈ રહ્યા હતા. જિલ્લા એસપી ડૉ. કૌસ્તુભે જણાવ્યું કે મોડી રાત્રે (રવિવારે) અકસ્માતની માહિતી મળતા જ પોલીસ ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ અને ઘાયલોને નજીકની હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા. ગંભીર રીતે ઘાયલોને વારાણસી રિફર કરવામાં આવ્યા છે.

પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, બસે ટ્રેલરને ઓવરટેક કરવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ સંતુલન ગુમાવ્યું અને ટ્રેલરની જમણી બાજુએ અથડાઈ ગઈ. ટક્કર એટલી ગંભીર હતી કે બસનો જમણો ભાગ ખરાબ રીતે નુકસાન પામ્યો હતો અને ઘણા મુસાફરો સીટોમાં ફસાઈ ગયા હતા. પોલીસ અને સ્થાનિક લોકોની મદદથી ફસાયેલા મુસાફરોને બહાર કાઢવામાં આવ્યા હતા.

પોલીસે ક્રેનની મદદથી બસને બાજુ પર ખસેડી અને હાઈવે પરનો જામ દૂર કર્યો. અકસ્માતમાં માર્યા ગયેલા લોકોની ઓળખ કરવામાં આવી રહી છે અને તેમના પરિવારોને જાણ કરવામાં આવી રહી છે.

### જો નક્કર કારણ હશે તો વિલંબથી રીટર્ન ફાઈલ કરવાની સુવિધા મળશે

# રીટર્ન ફાઈલ કરવાની મુદત વધારો દર્શાવતો લેટર 'ફેક' : આઈટી

### અત્યાર સુધીમાં ૬ કરોડ રીટર્ન ફાઈલ થયા : રાત સુધીમાં ભારે ધસારો થવાની ધારણા




### આજે અંતિમ તારીખમાં કોઈ વધારો કરાયો નથી : આવકવેરા વિભાગની સ્પષ્ટતા

નવીદિલ્હી,તા.૧૫

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના આવકવેરા રીટર્ન ભરવાની આજે અંતિમ તારીખ સમયે એક તરફ રીટર્ન ફાઈલ કરવા માટે ભારે ધસારો થયો છે તે સમયે આ રીટર્ન ફાઈલ કરવાની તા.૩૦ સપ્ટેમ્બર સુધી વધારવામાં આવી હોવાના એક વાઈરલ થયેલા પત્રને આવકવેરા વિભાગે ફેક ગણાવ્યો છે અને રીટર્ન ફાઈલ કરવાની તારીખમાં કોઈ વધારો થયો નથી તેવી સ્પષ્ટતા કરી છે.

આવકવેરા ખાતાએ સાથોસાથ કરદાતાઓને સોશ્યલ મીડીયા પર વાઈરલ થતા અહેવાલો કરતા આવકવેરા ખાતાની સતાવાર વેબસાઈટ પર જ માહિતી લેવા સલાહ આપવામાં આવી છે. આ ઉપરાંત આવકવેરા વિભાગની ૨૪૩૭ હેલ્પલાઈન પર જવા જણાવ્યું છે.

એટલું જ નહીં આવકવેરા ખાતાના સતાવાર એકસ હેન્ડલ પરની માહિતીને જ અનુસરવા ખાસ તાકીદ કરાઈ છે આ અગાઉ તા.૧૪ સપ્ટેમ્બરની તારીખથી આવકવેરા રીટર્ન ફાઈલ કરવાની તારીખ લંબાવીને ૩૦ સપ્ટેમ્બર કરવામાં આવી હોવાનું કમિશ્નર ઓફ ઈક્મટેક્ષ મીડીયા એન્ડ ટેકનીકલ પોલીસીના નામથી એક પત્ર વાયરલ થયો હતો પરંતુ તે ફેક હોવાનો આવકવેરાએ જણાવ્યું છે.

એટલું જ નહીં આ તારીખ વધારા અંગે કોઈ નિર્ણય નહીં લેવાયો હોવાનું અને કરદાતાઓને નિયત સમય મર્યાદામાં રીટર્ન ફાઈલ કરવા જણાવાયું છે.

બીજી તરફ છેલ્લા સમાચાર મુજબ આજે બપોર સુધીમાં ૬ કરોડ રીટર્ન ફાઈલ થયા છે અને રાત્રીના ૧૨ વાગ્યા સુધીમાં વધુ એક કરોડ રીટર્ન ફાઈલ થશે તેવી ધારણા છે.જોકે રીટર્ન ફાઈલીંગ માટે જબરો ધસારો થવાથી આવકવેરા વિભાગની વેબસાઈટ પર ભારે દબાણ આવી ગયું છે દરમ્યાન આઈટી રીટર્નમાં હવે આજની તારીખ ચૂકયા બાદ વિલંબથી રીટર્ન ફાઈલ કરવાની એક ખાસ સુવિધામાં આવકવેરા વિભાગે તેને સંતોષ થાય તેવા કારણોથી આ વર્ષના અંત સુધીમાં રીટર્ન ફાઈલ કરવાની સુવિધા આપી છે. જેમાં કરદાતાના ઘરમાં કોઈ મૃત્યુ અથવા તેના નિધન અત્યંત ગંભીર માંદગી જેવા કારણોમાં છુટછાટ મળશે પરંતુ આ માટે આવકવેરા વિભાગની વેબસાઈટ પર ખાસ સુવિધા આપવામાં આવી છે.

# ઇડર અને વડાલી તાલુકામાં ફટાકડાના હંગામી પરવાનો મેળવવા જોગ

(ગરવી તાકાત) હિંમતનગર તા.૧૫

સાબરકાંઠા જિલ્લામાં ઈડર અને વડાલી તાલુકા માટે આગામી દિપાવલી તહેવારો અનુસંધાને ગ્રામ્ય વિસ્તાર તથા તાલુકાના નગરપાલિકા વિસ્તારમાં વહીવટી તંત્ર દ્વારા નિયત કરવામાં આવનાર એક જ સ્થળે (વધુમાં વધુ ત્રણ સ્થળે જરૂરીયાત મુજબ) ફટાકડા બજાર ભરવા માટે ફટાકડાના હંગામી સ્ટોલ પરવાના મેળવવા રસ ધરાવનાર નાગરિકોની અરજીઓ નીચેની શરતો આધીન રજૂ કરવા જાહેર કરવામાં આવે છે.

હંગામી ફટાકડા પરવાના માગતા ઈસમોએ જ મામલતદારશ્રીની કચેરી સંચાલિત જનસેવા કેન્દ્ર ખાતેથી અરજી ફોર્મ નં.એઈ-૫ નિયત નમુનાના અરજી ફોર્મ તથા તેની પર રૂા.૩/- (ત્રણ પુરા) કોર્ટ ફી સ્ટેમ્પ તથા સ્કુટીની ફી રૂા.૩૦૦+ લાયસન્સ ફી રૂા.૬૦૦ સરકારશ્રીમાં ×૦૦૭૦- ઓએએસ× સદરે બેક્રમાં ચલણથી નિયત ફી ભરી મેળવી તેમાં સુચિત આધાર પુરાવા સામેલ કરી બે નકલમાં અરજી રજુ કરવાની રહેશે. (ન.પા./મ્યુ.બરો વિસ્તાર માટે અરજી સાથે પ્લાન સામેલ કરવાના નથી)

આવી અરજીઓ રજુ કરવાની મુદત કચેરી સમય દરમ્યાન તા.૩૦/૦૯/૨૦૨૫ સુધીની રહેશે. ત્યારબાદ આવેલ તેમજ અધુરી વિગતની અરજીઓ આપો આપ અમાન્ય ઠરશે.

ફટાકડા બજારો માટે સ્ટોલ સ્થાપવા, અગ્નિશામકની વ્યવસ્થા તથા સુરક્ષા વિષયક વ્યવસ્થા પરવાનેદારોએ સંગઠીત પણે જાતે ઉભી કરવાની છે. સ્થાનિક નગરપાલિકાની ભૂમિકા ફક્ત સ્થળે પાયાની સુવિધાઓ તથા જાહેરજનતા અવરજવર કરી શકે તેવા રસ્તા વિગેરે ઉપલબ્ધ રાખવા પુરતી રહેશે.

Guja®a Fire Prevention and Life Safªy Measures act, ૨૦૧૩ મુજબ રિજિયોનલ ફાયર ઓફિસરશ્રી ગાંધીનગરનું ફાયર સેફટી સર્ટીફીકેટ મેળવી લેવાનું રહેશે. (સર્ટીફિકેટ મેળવવા ઓનલાઈન અરજી કરવાની વેબસાઈડ- h t t p s : / / qujfiresafªycop.in)

એકથી વધુ પરવાના માટે એક જ અરજદાર અરજી કરી શકશે નહી.

સબંધિત સ્થળોએ જગ્યાની ઉપલબ્ધતાને ધ્યાને લઈ ૫૦-૫૦ ના સ્ટોલની મર્યાદામાં નિયમ મુજબ પરવાના મંજુર કરવામાં આવશે. જગ્યાના પ્રમાણમાં અરજીઓ વધુ રજુ થાય તો વહેલા તે પહેલાના ધોરણે પરવાના મંજુર કરી બાકીની અરજીઓ રદ કરવામાં આવશે.

સ્ટોલ ફાળવણી તથા ડ્રો સિસ્ટમ માટે હંગામી સમિતિ રચવામાં આવશે. જેના અધ્યક્ષ સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી ઈડર અને વડાલીના મામલતદારશ્રીએ સભ્ય સચિવ તરીકે તમામ વહીવટી પ્રક્રિયા કરવાની રહેશે.

સમિતિમાં સ્થાનિક નગરપાલિકાના ચીફ ઓફિસરશ્રી તથા પોલીસ ઈન્સ્પેકટર/પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી સભ્ય તરીકે ફરજ બજાવશે. આ સમિતિની ઉપસ્થિતિમાં ડ્રો સિસ્ટમથી સ્ટોલની ફાળવણીની પ્રક્રિયા જે તે મામલતદાર, કચેરીમાંથી કરવામાં આવશે.

તમામ પ્રક્રિયા, પરવાના મંજુર કરવા, વિતરણ કરવા અને સુચિત ફટાકડા બજાર માટેની જગ્યા સંબંધે આખરી નિર્ણય તથા કોઈ અનિયમિતતા સબંધે કાર્યવાહી માટે આખરી સત્તા સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી ઈડર હસ્તક રહેશે. હંગામી પરવાના સ્ટોલો માટે લેવાની થતી તમામ સબંધિત ખાતાની પરવાનગી મેળવી લેવાની રહેશે. પરવાનેદારોએ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની જોગવાઈઓ તેમજ સ્ફોટક પદાર્થ નિયમો ૨૦૦૮ ની તમામ શરતોનું પાલન કરવાનું રહેશે.

### કોંગ્રેસ - આર.જે.ડી.એ ભાજપનાં કૃત્યને બાપૂનું અપમાન ગણાવ્યું

# મુઝફ્ફરપુરમાં ગાંધીજીની પ્રતિમાને ભાજપની ટોપી પહેરાવી કમળ પકડાવ્યું!

મુઝફ્ફરપુર,તા.૧૫

બિહારના મુઝફ્ફરપુરમાં એનડીએ કાર્યકર સંમેલન દરમિયાન મહાત્મા ગાંધીની પ્રતિમાને ભાજપને ટોપી પહેરાવામાં આવી છે. તેમજ કમળનું નિશાન ધરાવતો પક્ષનો ઝંડો પણ હાથમાં આપવામાં આવ્યો છે.

સંમેલનમાં શાહનવાઝ હુસૈન, જેડીયુ કાર્યકર અધ્યક્ષ સંજય જહાં સહિત એનડીએના અનેક ધારાસભ્ય અને સાંસદ ઉપસ્થિત હતા. ફોટો વાઈરલ થયા બાદ રાજકારણમાં ખળભળાટ મચ્યો છે. વિપક્ષ કોંગ્રેસ પાર્ટી અને આરજેડીએ ભાજપના આ કૃત્યને ગાંધી બાપુનું અપમાન ગણાવી મોરચો છેડ્યો છે. તેમજ બાપુની પ્રતિમાને ગંગાજળથી સાફ કરી હતી.

જિલ્લાના મીનાપુર હાઈસ્કૂલ મેદાનમાં શનિવારે એનડીએના સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. બાપુની પ્રતિમા પર ભાજપની ટોપી અને પક્ષનો ઝંડો લગાવવામાં આવ્યો હતો. તેની વિરૂદ્ધ આરજેડીના



ધારાસભ્ય મુન્ના યાદવના નેતૃત્વમાં આરજેડી કાર્યકરો રસ્તા પર ઉતર્યા હતા.બાપુની પ્રતિમાની સામે કાર્યકરોએ ભારે વિરોધ પ્રદર્શન કર્યો હતો. આ કૃત્ય આચરનારા દોષિતોને આકરી સજા આપવાની માગ કરી રહ્યા હતા. તેમજ ધારાસભ્યે બાપુની પ્રતિમાને ગંગાજળથી સાફ કરવામાં આવી હતી.આરજેડીના કાર્યકરો અને ધારાસભ્યોએ દેખાવો દરમિયાન કાર્યવાહી હાથ ન ધરવામાં આવે ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવાની ચીમકી આપી હતી. આ મામલે સ્થાનિક પીઆઈ રામએકબાલ પ્રસાદના નિવેદન પર ફરિયાદ નોંધવામાં આવી છે.તેમણે જણાવ્યું કે, આ મામલાની જાણ થયા બાદ શનિવારે રાત્રે ટોપી અને ઝંડો જપ્ત કરવામાં આવ્યો હતો, આ કૃત્ય આચનારાઓની શોધખોળ થઈ રહી છે.

### UPI મારફત હવે રોજ રૂા. ૧૦ લાખની ખરીદી કરી શકાશે

# કેપીટલ માર્કેટમાં રોકાણ, વીમા, ટ્રાવેલ, ક્રેડીટકાર્ડ પેમેન્ટ, જવેલરી ખરીદી વગેરે માટે નવી મર્યાદા આજથી અમલી

મુંબઈ તા.૧૫

દેશમાં ઝડપથી લોકપ્રિય થઈ રહેલા યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ (યુપીઆઈ)માં હવે ખાસ કેટેગરીમાં પર્સન્ટ ટુ મર્ચન્ટ કેટેગરીમાં લેવડ દેવડની મર્યાદા વધારવામાં આવી છે. જો કે પર્સન્ટ ટુ પર્સન્ટ એટલે કે એક વ્યક્તિથી બીજા વ્યક્તિને પેમેન્ટ માટેની મર્યાદા રૂા.૧ લાખ જ રહેશે.

આજથી અમલી બનેલા યુપીઆઈના નવા નિયમ મુજબ કોઈપણ વ્યક્તિ મર્ચન્ટ એટલે કે વેપારી ખરીદી પર રૂા.૧૦ લાખ સુધીનું પેમેન્ટ કરી શકશે. જેને પર્સન્ટ ટુ મર્ચન્ટ સીસ્ટમ તરીકે ઓળખવામાં આવે છે.

જેમાં વિમા ઉપરાંત રોકાણ, ક્રેડીટ કાર્ડ પેમેન્ટનો પણ સમાવેશ કરાયો છે. ખાસ કેટેગરીમાં જ આ ફેરફાર અમલી રહેશે. તેમાં કોઈપણ વ્યક્તિ, કોઈ દુકાનદાર, સર્વિસ પ્રોવાઈડર કે વ્યાપારીને સીધુ પેમેન્ટ કરે તેને પર્સન્ટ ટુ મર્ચન્ટ પેમેન્ટ કહેવાય છે. જે નવી જોગવાઈ છે તેમાં કેપીટલ માર્કેટમાં અત્યાર સુધી રૂા.૨ લાખની લીમીટ હતી જે હવે એક દિવસમાં રૂા.૧૦ લાખ પરંતુ એક જ વ્યવહારમાં રૂા.૫ લાખની મર્યાદા રહેશે.




એટલે કે તમે એક વ્યવહાર રૂા.૫ લાખથી વધુનો નહી કરી શકો પરંતુ એકંદરે રૂા.૧૦ લાખનો વ્યવહાર કરી શકશો. આવી જ રીતે વીમામાં પણ રૂા.૧૦ લાખની મર્યાદા અમલી બની છે. ટ્રાવેલમાં અત્યાર સુધી રૂા.૧ લાખની જે મર્યાદા હતી તે વધીને રૂા.૧૦ લાખ થઈ છે.

જેમાં પ્રતિ વ્યવહાર રૂા.૫ લાખથી વધુ નહી હોય, ક્રેડીટકાર્ડ પેમેન્ટમાં રૂા.૬ લાખ સુધીની મર્યાદા નકકી કરવામાં આવી છે. જેમાં પણ વ્યવહાર મર્યાદા રૂા.૫ લાખ રખાઈ છે. જવેલરી પેમેન્ટમાં રૂા.૨ લાખના પ્રતિ વ્યવહાર સાથે વધુમાં વધુ રૂા.૬ લાખ સુધીના પેમેન્ટ ૨૪ કલાકમાં કરી શકશો. આવી જ રીતે ડીઝીટલ એકાઉન્ટ ઓપનીંગમાં પણ નવી મર્યાદા રૂા.૫ લાખની કરવામાં આવી છે.

### ત્રણ આરોપીઓની કબૂલાત અને અન્ય પુરાવાઓના આધારે ભૂમિકા સ્પષ્ટ થઈ

# અમદાવાદ બિલ્ડર હત્યા કેસમાં સોપારી આપનાર મનસુખ લાખાણીની ધરપકડ, આરોપીઓએ પુછપરછમાં વટાણા વેરી નાખ્યા

અમદાવાદ, તા.૧૫

અમદાવાદના જાણીતા બિલ્ડર હિંમત રૂડાણીની હત્યા કેસમાં એકમોટો ખુલાસો થયો છે. પોલીસે આ હત્યાના મુખ્ય આરોપી અને બિલ્ડર મનસુખ લાખાણીની ધરપકડ કરી છે. અગાઉ, પોલીસે ત્રણ આરોપીઓની ધરપકડ કરી હતી. જેમની પૂછપરછ દરમિયાન મનસુખ લાખાણીનું નામ સામે આવ્યું હતું.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, બિલ્ડર મનસુખ લાખાણીએ જ હિંમત રૂડાણીની હત્યા માટે સોપારી આપી હતી. લાખાણી અને રૂડાણી વચ્ચે જૂના ધંધાકીય સંબંધોને લઈને વિવાદ ચાલી રહ્યો હતો. આ વિવાદના કારણે જ મનસુખ લાખાણીએ હિંમત રૂડાણીની હત્યા કરાવવાનું કાવતં ઘડયું હતું.

અગાઉ પોલીસે મનસુખ લાખાણીને શંકાના આધારે પૂછપરછ માટે બોલાવ્યા હતા. જોકે, ત્રણ આરોપીઓની કબૂલાત અને અન્ય પુરાવાઓના આધારે તેની ભૂમિકા સ્પષ્ટ થઈ હતી. આ પુરાવા મળ્યા બાદ પોલીસે તાત્કાલિક મનસુખ લાખાણીની ધરપકડ કરી અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ બંને બિલ્ડરો નિકોલના ગંગોત્રી સર્કલ નજીકના એક જમીનના પ્લોટને લઈને લાંબા સમયથી લડી રહ્યા હતા.

આ વિવાદ ૨૦૨૪ના જાન્યુઆરી મહિનામાં જાહેર થયો હતો, જ્યારે માલિકી હકને લઈને થયેલી બોલાચાલી બાદ એફઆઈઆર નોંધવામાં આવી હતી. તપાસ અધિકારીઓએ ખુલાસો કર્યો કે, હિંમત રૂદાણીના પુત્ર ધવલે મનસુખ લાખાણીના પુત્ર કિંજલ લાખાણી સામે CID ક્રાઈમના આર્થિક ગુના વિંગ (EOW)માં ૧.૫ કરોડ રૂપિયાની છેતરપિંડી અને વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાવી હતી.

અમદાવાદમાં વિરાટનગર બ્રિજ નીચે મર્સીડીઝ કારમાંથી બિલ્ડર હિંમત રૂદ્રાણીનો હત્યા કરાયેલો મૃતદેહ મળી આવ્યો હતો. આ ઘટના ગંભીર હોવાની હકીકતથી વાકેફ પોલીસે તુર્ત તપાસ તેજ બનાવી દીધી હતી અને રાતોરાત રાજસ્થાનથી ત્રણ હત્યારાની ધરપકડ કરી લીધી હતી.

હિમાંશુ ઉર્ફે રાહુલ રાઠોડ, પપ્પુ હિરાજી મેઘવાલ તથા એક કિશોરની ધરપકડ કરી હતી. તેઓએ પુછપરછમાં વટાણા કરી નાખ્યા હતા અને મનસુખ લાખાણી પાસેથી સોપારી લઈને હત્યા કર્યાની કબુલાત આપી હતી. બન્ને બિલ્ડરો વચ્ચે લાંબા વખતથી નાણાંકીય લેતીદતીનો વિવાદ હતો અને ભુતકાળમાં કેસ પણ થયા હતા. નાણાંકીય વિવાદ હત્યા સુધી પહોંચ્યો હતો.

# બુદ્ધિમાં મોટામાં મોટો દોષ અસૂયા છે, મત્સર છે. બીજાનું સારું જોઈ ઇર્ષ્યા કરે, બળે એ જ અસૂયા-મત્સર



**યશપાલસિંહ ટી.વાઘેલા**
દરબાર ગઢ થરા



હવામાન શાસ્ત્રીની આગામી દિવસોમાં ભારે મધ્યમ વરસાદની આગાહી કરતા લોકોમાં પાછો સળવળાટ જોવા મળે છે ત્યારે આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો શરીરમાં તમોગુણ છે તેને રજો ગુણથી મારો,દૂર કરો રજોગુણને સત્ત્વ ગુણથી મારો એટલે કે નષ્ટ કરો. રજોગુણ કામ અને ક્રોધનો જનક છે.સત્કર્મથી સત્ત્વગુણ વધે છે. સત્ત્વગુણ પણ બંધન કરે છે. એમાં પણ થોડો અહંભાવ રહી જાય છે.માટે છેવટે સત્ત્વ ગુણને સત્ત્વગુણથી મારવાનો. સત્ત્વગુણ નો પણ ત્યાગ કરવાનો છે અને નિર્ગુણી થવાનું છે.

જીવ અત્રિ થાય તો તેની બુદ્ધિ અનસૂયા બને. અનસૂયા વગરની બુદ્ધિ એ જ અસૂયા. બુદ્ધિમાં મોટામાં મોટો દોષ અસૂયા છે, મત્સર છે. બીજાનું સારું જોઈ ઈર્ષ્યા કરે, બળે એ જ અસૂયા- મત્સર. અસૂયા ઈશ્વરના માર્ગે જવામાં અવરોધક છે. પરદોષનો વિચારએ શ્રીકૃષ્ણ દર્શનમાં વિઘ્ન કરે છે.બુદ્ધિમાં જ્યાં સુધીઅસૂયા મત્સર હશે ત્યાં સુધી તે ઈશ્વરનું ચિંતન કરી શકશે નહીં. જેનીબુદ્ધિ અનસૂયા-અસૂયા વિનાની બને એ જ અત્રિ બને. પછી દત્તાત્રેય પધારે.જીવ ત્રણ ગુણોનો ત્યાગ કરી નિર્ગુણી બને અને બુદ્ધિ અસૂયા વિનાની નિષ્કામ બને ત્યારે ભગવાન પ્રગટ થાય છે.તેથી અસૂયા-ઈર્ષ્યા કોઈની ન કરો.

અનસૂયા મહાન પતિવ્રતા છે. એક વખત નારદજી કૈલાસમાં આવ્યા. તે વખતે શંકર સમાધિમાં હતા. પાર્વતીજી નારદજીને પ્રસાદ આપે છે. નારદજી કહે છે,લાડુ બહુ સુંદર છે. પણ અનસૂયાનો લાડુ તમારા લાડુ કરતાં શ્રેષ્ઠ છે. પાર્વતીજી પૂછે છે,એ અનસૂયા કોણ છે?નારદજી કહે,અનસૂયા મહાન પતિવ્રતા છે.પાર્વતીના મન માં ઈર્ષ્યા ઉત્પન્ન થઈ.મારાથી અનસૂયા વધે?શંકર સમાધિમાંથી જાગ્યા. પાર્વતી વંદન કરે છે.ઘરનું માણસ બહુ નમે,સેવા કરે ત્યારે માનવું કે ખાડામાં ઉતારવાની તૈયારી છે.પાર્વતીએ શંકર પાસે માગણી કરી. કોઈપણ પ્રકારે અનસૂયાના પતિ વ્રતનો ભંગ થાય તેવું કરો!

આ બાજુ નારદજી વૈકુંઠલોકમાં આવ્યાને લક્ષ્મીજી મળ્યા.કહે, વૈકુંઠમાં મહિમા પહેલાં હતો, પણ હવે તો અનસૂયાના આશ્રમ જેવું ક્યાંય નહીં! લક્ષ્મીજીએ વિષ્ણુને કહ્યું કે, આપ એવું કાંઈક કરો કે જેથી અનસૂયાના પતિવ્રતનો ભંગ થાય.પાર્વતી એટલે બુદ્ધિ. બુદ્ધિ-વિદ્યામાં મત્સર છે. લક્ષ્મી એટલે દ્રવ્ય.દ્રવ્યમાં ઈર્ષ્યાઅસૂયા રહેલી છે. બ્રહ્માણી એ રજોગુણ છે, ત્યાં પણ ઈર્ષ્યા છે.

સાવિત્રીજીએ પણ આ પ્રમાણે બ્રહ્માને વિનંતી કરી શંકર-વિષ્ણુ બ્રહ્મા ત્રણ દેવો સાધુ વેશે ભિક્ષા માગવા અનસૂયાના આશ્રમમાં આવે છે.કહે છે,તમે નગ્ન થઈને ભિક્ષા આપો તો અમે લઈશું. અનસૂયા વિચારે છે કે,જો નગ્ન થઈને ભિક્ષા આપું તો મારા પતિ વ્રતનો ભંગ થાય અને ભિક્ષા ન આપું તો આંગણે આવેલા અતિથિ પાછા જાય.મને પાપ લાગશે.

નગ્ન થઈ ભિક્ષા આપો એવી પ્રભુ માગણી કરે છે, એટલે વૈષ્ણવ પ્રભુને વાસના રહિત થઈ ભિક્ષા આપે.ઈશ્વરને વાસના રહિત થઈ, નિષ્કામ થઈ સર્વ વસ્તુ અર્પણ કરવાની છે.અનસૂયાના મનમાં કોઈ વાસના ન હતી.સૂક્ષ્મવાસના પણ જો મનમાં હોય તો ત્રણ દેવો આવતા નથી. અનસૂયાએ ધ્યાન ધર્યું અને ત્રણ દેવો ઉપર પાણીની અંજલિ છાંટી.ત્રણ દેવો બાળક બની ગયા.પતિવ્રતામાં એવી શક્તિ છે.પાર્વતી,લક્ષ્મી અને સાવિત્રી પોતાના પતિઓને શોધવા નીકળી.ત્રણે દેવીઓ ચિત્રકૂટમાં આવી.એટલામાં નારદ ત્યાં આવ્યા.દેવીઓએ તેમને પૂછ્યું,અમારા પતિઓના કાંઈ સમાચાર જાણતા હોય તો કહો. નારદજી કહે, પહેલા કહો કોણ મોટું? તમે કે અનસૂયા? દેવીઓ કહે છે,અનસૂયા મોટાં!હવે નારદ જી કહે છે તમારા પતિઓ અન સૂયાના ઘરમાં ઘોડીએ હીંચે છે!

બીજા સાથે અનસૂયા કરનારને શાંતિ મળતી નથી.દેવીઓ ગભરાય છે. ત્યાં જઈએ અને અનસૂયા શ્રાપ આપે તો? નારદજી કહે છે,તમે ભલે મત્સર કહો પણ અનસૂયા મત્સર કરશે નહીં.દેવીઓ આશ્રમમાં દેવી પાસે આવી.અનસૂયાએ પ્રતિજ્ઞા કરાવી કે, અમે કદી કોઈ પતિવ્રતા સ્ત્રીને નહીં પજવીએ. અત્રિ ઋષિ પૂછે છે કે,આ ત્રણ બાળકો કોણ? અનસૂયા કહે છે,આ ત્રણ મારા છોકરાઓ છે અને આ ત્રણે છોકરાઓની વહુઓછે.પછીજળ છાંટ્યું.ત્રણ દેવો પ્રગટ થયા.આ ત્રણે દેવોનું તેજ ભેગું થવાથી ગુરુ દત્તાત્રેય પ્રગટ થયા છે.

માર્ગદર્શન ગુરુકૃપા વગર મળતું નથી.ગુરુ દત્તાત્રેય માર્ગદર્શન આપનાર છે, તેથી તેનો જન્મ માર્ગશીર્ષ માસમાં થયો છે.

દક્ષ પ્રજાપતિ અને કર્દમ ઋષિની કન્યા પ્રસૂતિને ત્યાં સોળકન્યાઓ થઈ છે. તેમાંથી તેર ધર્મને,એક અગ્નિને,એક પિતૃગણને અને સોળમી સતી શંકરજીને પરણીછે

ધર્મની તેર પત્નીઓ બતાવી છે. તેના નામો:શ્રદ્ધા,દયા,મૈત્રી, શાંતિ, પુષ્ટિ,ક્રિયા,ઉન્નતિ,બુદ્ધિ,મેધા, તિતિક્ષા અને મૂર્તિ.ધર્મનાં તેર લગ્નો થયાં છે. આ તેર ગુણોને જીવનમાં ઉતારે તો ધર્મ તેને જરૂર ફળે છે.આ તેર ગુણો સાથે લગ્ન કરશો તો પ્રભુ મળશે.ધર્મની પહેલી પત્ની શ્રદ્ધા. ઈશ્વરમાં શ્રદ્ધા રાખો.ધર્મની પ્રત્યેક ક્રિયા શ્રદ્ધાથી કરજો.શ્રદ્ધા દઢ હોવી જોઈએ.

એક દિવસ નામદેવના પિતાશ્રીને બહારગામ જવાનું થયું.નામદેવની ઉંમર તે વખતે નાની.ઘરમાં દેવ પૂજા હતી.પૂજાનું કામ નામદેવને સોંપ્યું.બીજે દિવસે નામદેવ ઠાકોરજીને દૂધનો પ્રસાદ ભોગ ધરાવે છે.ભગવાન દૂધ પીતા નથી નામદેવ બહુ કાલાવાલા કરે છે. રોજ તો પિતાશ્રીને હાથે આપ ભોગ આરોગો છો અને આજે મારા હાથે કેમ આરોગતા નથી? તમે દૂધ નહીં પીઓ તો મારાબાપુ મને વઢશે.બધી વિનવણી વ્યર્થ ગઈ,ત્યારે દેવ દૂધ નહીં પીઓ તો હું મારું માથું પછાડી પ્રાણત્યાગ કરીશ.જયાં નામદેવ માથું પછાડવા તૈયાર થયા,ત્યાં ભગવાન પ્રગટ થયા. ભગવાને દૂધનો કટોરો લીધો અને દૂધ પીવા લાગ્યા. ત્યાં નામદેવને લાગ્યું કે, વિઠ્ઠલ તો બધું પી જવાના એટલે તે બૂમ પાડી ઊઠ્યો,વિઠ્ઠલ,બધું દૂધ ના પી જતો.મારા માટે રાખ. બાપુ તો મને રોજ પ્રસાદ આપે છે. નામદેવના પ્રેમથી વિઠ્ઠલનાથ ખુશ થયા.નામદેવને ગોદમાં લીધો અને દૂધ પાયું.દઢ શ્રદ્ધા ભક્તિથી દઢ પ્રેમથી જડ પણ ચેતન બનેછે

હવે મૈત્રીની વાત કરીએ.શ્રીધર સ્વામીએ કહ્યું છે કે,સર્વ પ્રત્યે મૈત્રી કરવી એ શક્ય નથી એટલે સર્વ સાથે મૈત્રી ન થાય તો વાંધો નહીં પણ કોઈ સાથે વેર ન કરો. વેર ન કરો એ મૈત્રી કર્યા જેવું છે.

ધર્મની તેરમી પત્ની છે મૂર્તિ અરે, ધર્મના ઘરે નારાયણનું પ્રાગટ્ય થયું છે મૂર્તિમાં પ્રેમ રાખો.મૂર્તિને માતા અને ધર્મને પિતા માને એને ત્યાં નારાયણનો જન્મ થાય છે. બદરિનારાયણ ભગવાન મૂર્તિદેવી ને વર્ષમાં એક વખત મળવા જાય છે.બરાબર ધર્મનું પાલન કરશો, તો તમારા ઘરે નારાયણ પ્રગટ થશે.

## અરજીઓ રજુ કરવાની મુદત કચેરી સમય દરમ્યાન ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધીની રહેશે

# વિસનગર-વિજાપુર તાલુકામાં આગામી દિપાવલી તહેવારો અનુસંધાને બજાર ભરવા માટે ફટાકડાના હંગામી સ્ટોલ પરવાના મેળવવા અરજીઓ મંગાવાઈ

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૫

વિસનગર સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી વી.ડી.રાતડાની અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર વિસનગર/વિજાપુર તાલુકાની જાહેર જનતાને સૂચિત કરવામાં આવે છે કે, આગામી દિપાવલી તહેવારો અનુસંધાને ગ્રામ્ય વિસ્તાર તથા તાલુકાની નગરપાલિકા વિસ્તારમાં વહીવટી તંત્ર ધ્વારા નિયત કરવામાં આવનાર એક જ સ્થળે (વધુમાં વધુ ત્રણ સ્થળે જરૂરીયાત મુજબ) બજાર ભરવા માટે ફટાકડાના હંગામી સ્ટોલ પરવાના મેળવવા રસ ધરાવનાર નાગરીકોની અરજીઓ નીચેની શરતો આધીન રજૂ કરવામાં આવે છે.

હંગામી ફટાકડા પરવાનો મેળવવા માંગતા ઈસમોએ મામલતદારશ્રીની કચેરી ખાતેથી અરજી ફોર્મ નં.એઈ-૫ નિયત અરજી ફોર્મ તથા તેની પર રૂ. ૩/- (ત્રણ પુરા) ની કોર્ટ ફી સ્ટેમ્પ તથા ધી એક્સપ્લોઝીવ રૂલ્સ-૨૦૦૮ ના નિયમ-૧૦૦ **Schedule IV Part-2, A[8](b)** મુજબની પ્રોસેસ ફી રૂપિયા ૩૦૦/- (અંકે રૂપિયા ત્રણસો પુરા) તેમજ **Part-2 B[1][IV][2]** મુજબની પરવાનગી ફી રૂ. ૬૦૦/-( એક રૂપિયા છસો પુરા) '૦૦૭૦'-ઓએએસ બેંકમાં ચલણથી જમા કરાવી તેમાં સુચિત આધાર પુરાવા સામેલ કરી બે નકલમાં અરજી રજુ કરવાની રહેશે. (નગરપાલિકા વિસ્તાર માટે અરજી સાથે પ્લાન સામેલ કરવાના નથી)

આવી અરજીઓ રજુ કરવાની મુદત કચેરી સમય દરમ્યાન તારીખ - ૨૫/૦૯/૨૦૨૫ સુધીની રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે ફટાકડા બજારો માટે સ્ટોલ સ્થાપવા, અગ્નિશામકની વ્યવસ્થા તથા સુરક્ષા વિષયક વ્યવસ્થા પરવાનેદારોએ જાતે ઊભી કરવાની છે તથા સૂચિત સ્થળની સક્ષમ સત્તાધિકારીની ફાયર **NOC** રજૂ કરવાની રહેશે. તેમજ સ્થાનિક નગરપાલિકાની ભૂમિકા ફક્ત સ્થળે પાયાની સુવિધાઓ તથા જાહેરજનતા સુલભ રીતે અવરજવર કરી શકે તેવા રસ્તા વગેરે ઉપલબ્ધ રાખવા પુરતી રહેશે, એકથી વધુ પરવાના માટે એક જ અરજદાર અરજી કરી શકશે નહી, સબંધિત સ્થળોએ જગ્યાની ઉપલબ્ધતાને ધ્યાને લઈ ૫૦-૫૦ ના સ્ટોલની મર્યાદામાં નિયત મુજબ પરવાના મંજુર કરવામાં આવશે. જગ્યાના પ્રમાણમાં અરજીઓ વધુ રજુ થાય તો વહેલા તે વહેલાના ધોરણે પરવાના મંજુર કરી બાકીની અરજીઓ રદ કરવામાં આવશે.



સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા નિયન કરવાની જગ્યાઓ ટાઈટલ ક્લીયર હોય તેમજ ખાનગી માલીકીની હોય તો જરૂરી સંમતી સાથેની હોય તેમજ અન્ય જાહેર સંસ્થા કે સરકારી સંસ્થાની હોય તો કોઈ વિવાદ યુક્ત ન હોય તેની તકેદારી રાખવાની રહેશે, સ્થળ - સ્થિતિના નકશા (સ્ટોલ ઉભા કરવાનો સૂચિત પ્લાન) સક્ષમ ઓથોરિટીના સહી સિક્કા સાથે રજૂ કરવાના રહેશે.

તમામ પ્રક્રિયા, પરવાના મંજુર કરવા, વિતરણ કરવા અને સુચિત ફટાકડા બજાર માટે જગ્યા સબંધે આખરી નિર્ણય તથા કોઈ અનિયમિતના સબંધે કાર્યવાહી માટે આખરી સત્તા સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, વિસનગર હસ્તક રહેશે. હંગામી પરવાના સ્ટોલો માટે લેવાની થતી તમામ સંબંધિત ખાતાની પરવાનગી જે તે દુકાનદાર/ભાગીદારી પેઢીઓ/કંપની/મંડળી/વ્યક્તિગત મેળવી લેવાની રહેશે.

તમામ અરજદારોએ આ સબંધમાં ધી એક્સપ્લોઝીવ રૂલ્સ-૨૦૦૮ ના નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે તથા ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની તમામ જોગવાઈઓ તથા સરકારશ્રીની વખતોવખતની તમામ ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

# સંક્ષિપ્ત સમાચાર

## ઇડરના રેવાસ ખાતે નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ અંતર્ગત જાગૃતિ કાર્યક્રમ યોજાયો



(ગરવી તાકાત) ઈડર તા.૧૫

સાબરકાંઠા જિલ્લામાં ઈડર તાલુકાના કાનપુર ક્લસ્ટરના રેવાસ ગામ ખાતે નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ અંતર્ગત જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના લાભો, જમીનની ઉર્વરક શક્તિ જાળવવાની રીતો અને રસાયણમુક્ત ખેતી દ્વારા સ્વસ્થ જીવન તરફ આગળ વધવાની પ્રેરણા આપવામાં આવી હતી.

કાર્યક્રમ દરમિયાન નિષ્ણાતોએ જણાવ્યું કે પ્રાકૃતિક ખેતી એ આજના યુગની સૌથી મોટી જરૂરિયાત છે. વધતા રસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના અતિરેક ઉપયોગને કારણે જમીનની ઉપજ ક્ષમતા ઘટી રહી છે, તેમજ પાકમાં રહેલા અવશેષો માનવીના સ્વાસ્થ્ય માટે પણ ખતરો ઊભો કરી રહ્યા છે. આવી સ્થિતિમાં પ્રાકૃતિક ખેતી માત્ર ખેતીની પદ્ધતિ નહીં પરંતુ એક સસ્ટેનેબલ લાઈફસ્ટાઈલ તરફનો મહત્વપૂર્ણ પ્રયત્ન છે.

જાગૃતિ કાર્યક્રમમાં ખેડૂતોને જીવામૃત, ઘનજીવામૃત, બીજામૃત, જેવી જૈવિક પદ્ધતિઓ અંગે માહિતગાર કરવામાં આવ્યા.

## સાબરકાંઠા જીલ્લાની તમામ અદાલતોમાં રાષ્ટ્રીય લોક અદાલત યોજાઈ

# સાબરકાંઠા જિલ્લામાં વર્ષ-૨૦૨૫ની ત્રીજી રાષ્ટ્રીય લોક અદાલતમાં કુલ-૧૧૧૬૧ કેસોનો સમાધાનથી નિકાલ

(ગરવી તાકાત) હિંમતનગર તા.૧૫

રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ, **(NALSA)** ના આદેશ અનુસાર સમગ્ર ભારતમાં તા.૧૩.૦૯.૨૦૨૫ ના રોજ વર્ષ-૨૦૨૫ ની ત્રીજી રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરવામાં આવેલ જેના ભાગરૂપે નામદાર ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદના માર્ગદર્શન હેઠળ સાબરકાંઠા જીલ્લાની તમામ અદાલતોમાં જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ના અધ્યક્ષશ્રી અને મુખ્ય જીલ્લા ન્યાયાધીશ શ્રી કે.આર.રબારી સાહેબ તથા સચિવશ્રી, સાહેબનાઓની અધ્યક્ષતામાં સાબરકાંઠા જીલ્લામાં રાષ્ટ્રીય લોકઅદાલતનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં સાબરકાંઠા જીલ્લામાં હિંમતનગર તથા તાલુકા કોર્ટના બાર એસોસિયેશનના પ્રમુખ શ્રી તેમજ વકીલશ્રીઓ, પક્ષકારો, અદાલતમાં ફરજ બજાવતા કર્મચારી મિત્રો સહભાગી થઈ ને લોકઅદાલત ને સફળ બનાવવામાં પૂરતું યોગદાન આપ્યું હતું.



સાબરકાંઠા જીલ્લામાં મોટર અકસ્માત વળતળ ના કેસોમાં કુલ-૩૩ કેસોનો સમાધાનથી નિકાલ કરીને રૂ.૨,૮૬,૦૨,૦૦૦/- નું વળતળ ચૂકવવાનો આદેશ કરવામાં આવ્યો હતો. તેમજ જીલ્લામાં કાર્યરત મેજીસ્ટ્રેટશ્રીઓ દ્વારા પેન્ડીંગ કેસો પૈકી લોક અદાલત અને સ્પેશિયલ સિટિંગ ના એમ કુલ-૭૯૩૮ કેસો, રકમ રૂ.૧૯,૫૧,૫૨,૮૫૪.૫૦ ના કેસોનું સમાધાનથી નિકાલ થયેલ તેમજ ટ્રાફિક ઈ-ચલણ સહિત બેંક લેણાંના કેસો, વીજ બીલ, પાણી બીલ, વીજ ચોરી, રેવન્યુ, જેવા બીજા અન્ય પ્રિ-લિટીગેશન કેસોમાંથી કુલ-૩૨૨૩ કેસો, રકમ રૂ.૧,૩૫,૧૧,૩૫૯.૪૬/- ના કેસોનું સુખદ સમાધાનથી નિકાલ થયેલ છે.

આમ કુલ મળી સમગ્ર સાબરકાંઠા જિલ્લામાં કુલ-૧૧૧૬૧ કેસોનો સમાધાનથી નિકાલ થયેલ છે. એમ સચિવશ્રી જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ સાબરકાંઠાની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# જિલ્લા પોલીસ વડાને સરહદી વિસ્તારમાં ટ્રાફિકની એક મહિનો કામગીરી ન કરવા લોકોની માગણી

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૫

**વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઇ ચૌધરી સાથે સ્થાનિક ધારાસભ્ય શ્રી સ્વરૂપજી ઠાકોર અને બનાસકાંઠા સાંસદ ગેનીબેન ઠાકોર પણ અત્યારે આવી કપરી પરિસ્થિતિમાં જિલ્લા પોલીસ વડા ને કહીને જે વાહન ચાલકો ગરીબ છે તેમણે જ મોટા ભાગના ટ્રાફિક પોલીસ હેરાન કરતા હોય છે તેથી આ કામગીરી એક મહિના માટે ન કરે તેવી ભલામણ કરવામાં આવે તો કુદરત આગળ તો બધા લાચાર છે પણ સ્થાનિક રાજકીય નેતાઓ અમારી વેદના સમજીને જિલ્લા પોલીસ વડા ને કહીને આ કામગીરી રોકાવે તેવી સરહદી વિસ્તાર ની જનતા માગણી કરી રહી છે.**

ભાભર વાવ થરાદ સૂઈગામ તાલુકામાં પૂરગ્રસ્ત વિસ્તારોમાં અત્યારે બાઈક પર ઘર નો પરિવાર માટે જીવન જરૂરિયાત વસ્તુઓ લેવા ભાભર થરાદ કે વાવ જેવી સીટી માં અવર જવર વધુ હોય અને ટ્રાફિક પોલીસ હેરાન ગતિ કરતી હોય જેથી જિલ્લા પોલીસ વડા પાસે વાહન ચાલકો માગણી કરી.

બનાસકાંઠા જિલ્લામાં અતિભારે વરસાદે સરહદી વાવ સૂઈગામ ભાભર થરાદ તાલુકામાં તારાજગી સર્જી હોય ત્યારે કેટલાક ગામડાઓ ના રસ્તાઓ તૂટી ગયા અને રસ્તાઓ પર અતિભારે પાણી ભરાયેલા હોય જેથી મોટા ભાગના વાહનો બંધ છે સાથે ઘરમાં બાઈક જેથી કરીને બાઈક પર અત્યારે લોકોની જીવન જરૂરિયાત વસ્તુઓ લેવા માટે અવરજવર કરતા હોય છે ત્યારે ભાભર સૂઈગામ વાવ થરાદ પોલીસ ને જિલ્લા પોલીસ વડા સૂચના કરેલ હોય જેથી તેમની રૂટિંગ કામગીરી કરતા હોય છે ત્યારે સૂઈગામ તાલુકા ના મોટા ભાગના ગામડાઓ માં અત્યારે ટેકટર અને બાઈક પર જ જીવન જરૂરિયાત વસ્તુઓ લેવા ભાભર જવાનું થતું હોય છે ત્યારે ભાભર જાય એટલે ભાભર ટ્રાફિક પોલીસ બાઈક ચાલકો પાસે જરૂરી ડોક્યુમેન્ટ માગતા હોય છે પણ અત્યારે કપરી સ્થિતિમાં બાઈક સાથે ડોક્યુમેન્ટ રાખે તો રસ્તામાં પાણી ભરેલા હોય જેથી ડોક્યુમેન્ટ પલડી જાય જેથી કરીને સાથે ડોક્યુમેન્ટ ન હોય તો બાઈક ડિટેન કરી નાખે અથવા તો દંડ ફટકારે જેથી કરીને જિલ્લા પોલીસ વડા પાસે વાહન ચાલકો અને બાઈક ચાલકો માગણી કરી રહ્યા છે કે અમારી પાસે ડોક્યુમેન્ટ તો હોય છે પણ ઘરે આવી કપરી પરિસ્થિતિમાં પણ પોલીસ અમારા જોડે દંડ વસૂલે છે અને અમારા વાહનો ડિટેન કરે છે તો એક મહિનો આ કામગીરી ન કરવા માટે અમારી જિલ્લા પોલીસ વડા પાસે માગની છે કે અત્યાર પૂરતું જે કામ ગિરી કરતા ટ્રાફિક પોલીસ જવાનો ન કરે તેવું માગણી છે.



(પ્રતિકાત્મક તસ્વીર)

## ભિલોડા તાલુકાના વજેપુર ગામે વિશ્વ આદિવાસી અધિકાર દિવસની ઉજવણી



(ગરવી તાકાત) અરવલ્લી તા.૧૫

અરવલ્લી જિલ્લાના ભિલોડા ના વજાપુર ખાતે ૧૩મી સપ્ટેમ્બર વિશ્વ આદિવાસી અધિકાર દિવસ ની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી. સંયુક્ત રાષ્ટ્ર સંઘ ઘોષિત (ર્દ્ગ) દ્વારા ૧૩ સપ્ટેમ્બર એટલે હક અને અધિકાર નો દિવસ કહેવામાં આવે છે આ કાર્યક્રમમાં આદિવાસી સમાજ ના યુવા ભાઈઓ બહેનો વડીલો, આગેવાનો, સામાજીક કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સમાજ જનજાગરણ માટે તન મન ધન હુન્નર થી

સમય આપી વિશ્વ આદિવાસી અધિકાર દિવસ ને સફળ બનાવ્યો હતો. હક અને અધિકાર દિવસ એટલે બંધારણમાં લખાયેલા નિયમ પ્રમાણે ઘણા બધા હકો અને અધિકારોનું અત્યારે હનન થઈ રહ્યું છે તે નિયમો અત્યારે લાગું કરવામાં આવતા નથી પહેલાં તમામ નોકરીઓમા મેરીટ ઉંચું હોય તો આદિવાસીઓનુ મેરીટ નીચું લાવીને આદિવાસી વિદ્યાર્થીઓને નોકરી આપવામાં આવતી હતી.

હાલમા આદિવાસી સમાજ ના યુવક યુવતીઓ ખૂબજ મહેનત કરે છે પરંતુ તેમને એક બે માકર્સ માટે નાપાસ કરે છે અને નોકરી મળતી નથી.તેમજ આદિવાસી વિસ્તારમાં આદિવાસી સમાજ ના બાળકો શિક્ષણ થી વંચિત રહે તે માટે પ્રાથમિક શાળા હાઈસ્કૂલની શાળાઓ તથા કૉલેજો બંધ કરવા આવે છે. આદિવાસી વિસ્તારમો હોસ્પિટલો છે .પણ પૂરતાં પ્રમાણમાં ડૉકટરો નથી તેવી ઘણી બધી સમસ્યાઓ છે.શિક્ષણ એ બ્રહ્માસ્ત્ર છે.શિક્ષણ મેળવી આપણા બાળકોને તૈયાર કરવા પડશે તેથી અન્ય સમાજની હરિફાઈમાં આવે અને આદિવાસી સમાજ ને જે હક અને અધિકાર મળેલ છે તેની જનજાગૃતિ મેળવી સમાજને જાગૃત કરવો પડશે તેવો સંદેશો ફેલાય તેવી આદિવાસી સમાજના સામાજીક કાર્યકર દ્વારા જણાવવામાં આવ્યું હતું.

## નૂતન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈન એન્ડ કોમ્યુનિકેશન સાંકળચંદ યુનિવર્સીટી દ્વારા આભા ઉત્સવ પ્રદર્શન કમ સેલનું રજિસ્ટ્રાર ડૉ.પરિમલ ત્રિવેદીના હસ્તે કરાયેલ ઉદ્ઘાટન

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૫

નૂતન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈન એન્ડ કોમ્યુનિકેશન, સાંકળચંદ પટેલ યુનિવર્સિટી દ્વારા આયોજિત 'આભા ઉત્સવ' પ્રદર્શન કમ સેલનું ઉદ્ઘાટન આજે માનનીય કુલપતિ પ્રો. (ડૉ.) પ્રફુલકુમાર ઉદાણી અને રજિસ્ટ્રાર અને ડીન, **NIDC** પ્રો. (ડૉ.) પરિમલ ત્રિવેદીએ કર્યું.



સાંકળચંદ યુનિવર્સિટીના પ્રમુખ પ્રકાશ પટેલ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા. આ પ્રસંગે સંસ્થાના પ્રાચાર્ય ડૉ. અખિલેશ કે. ઉપાધ્યાય, સંસ્થાની વડાઓ, ફેકલ્ટી સભ્યો અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. પ્રદર્શનમાં પ્રદર્શનની સાથે વિદ્યાર્થીઓ દ્વારા બનાવેલા સર્જનાત્મક અને હાથથી બનાવેલા ઉત્પાદનોનું વેચાણ પણ કરવામાં આવી રહ્યું છે, આ પ્રદર્શન આવતીકાલે ૧૬/૦૯/૨૫ સાંજે ૦૪ વાગ્યા સુધી ચાલશે.

# સાબરકાંઠામાં હાર્ટફૂલનેસ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા બાયો-ચારના પ્રચાર-પ્રસાર માટે વિશાળ અભિયાન શરૂ

(ગરવી તાકાત) ઈડર તા.૧૫

ઈડર તાલુકાના આશરે ૬૦ ગામોમાં હાર્ટફૂલનેસ ઈન્સ્ટિટ્યૂટ, સાબરકાંઠા દ્વારા બાયો-ચારના ઉત્પાદનની કામગીરી સફળતાપૂર્વક હાથ ધરવામાં આવી રહી છે. ઉપરાંત આશરે ૮૦થી વધુ ગામોમાં બાયો-ચારના ફાયદા અને ઉત્પાદન સંબંધિત માહિતી પહોંચાડવામાં આવી છે.

ઈડર, વડાલી તથા ખેડબ્રહ્મા તાલુકાના વિવિધ ગામોમાં ૨૦૦થી વધુ બાયો-ચારના પ્રદર્શન કાર્યક્રમો યોજાયા છે. આ અભિયાન અંતર્ગત આશરે ૧૦૦ ટન બાયો-ચારનું ઉત્પાદન કરીને ખેડૂતોને સંપૂર્ણ નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું છે. અત્યાર સુધીમાં ૩૦૦ થી ૩૫૦ જેટલા ખેડૂતોને ટ્રોલી દીઠ ૨ બેગ બાયો-ચાર વિતરણ કરવામાં આવ્યું છે.ખેડૂતોના પ્રતિસાદ મુજબ બાયો-ચારના નિયમિત ઉપયોગથી તેમની ખેતીના ઉત્પાદનમાં સરેરાશ ૫ થી ૧૦ ટકા સુધીનો વધારો નોંધાયો છે. સાથે સાથે રાસાયણિક ખાતર અને દવાઓના ઉપયોગમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે, જેના કારણે ખેતી વધુ કુદરતી અને ટકાઉ દિશામાં આગળ વધી રહી છે.હાર્ટફૂલનેસ ઈન્સ્ટિટ્યૂટ, સાબરકાંઠાના બાયો-ચાર પ્રોજેક્ટના કો-ઓર્ડીનેટર જોધાસિંહ વણઝારાના જણાવ્યા પ્રમાણે ×બાયો-ચારના વ્યાપક પ્રચાર દ્વારા પર્યાવરણ સુરક્ષા અને ટકાઉ કૃષિ માટે ખેડૂતોને વધુ પ્રેરણા અને સહાય મળશે. આ સાથે ખેડૂતોને વેલનેસ (સુખાકારી)ની તાલીમ પણ આપવામાં આવી રહી છે તે અંતર્ગત તેમને ધ્યાન, જૈવિક ખેતી અને આર્થિક આવક વધારવાના વિવિધ ઉપાયો પણ શ્રી કમલેશ પટેલજી (દાજી), ગ્લોબલ ગાઈડ હાર્ટફુલનેસ ઈન્સ્ટિટ્યૂટના માર્ગદર્શન પ્રમાણે શીખવવામાં આવી રહ્યા છે.×

## સાબરકાંઠા જિલ્લામાં 'સ્વસ્થ નારી સશક્ત પરિવાર અભિયાન' પખવાડિયાની ઉજવણી કરાશે




(ગરવી તાકાત) ઈડર તા.૧૫

સ્વસ્થ ભારતના નિર્માણ માટે પરિવારની મહિલાઓની સ્વસ્થતા અત્યંત આવશ્યક છે. સરકારશ્રી દ્વારા મહિલાઓના સ્વાસ્થને અનુલક્ષીને સમગ્ર દેશમાં તા. ૧૭ સપ્ટેમ્બર થી ૨ ઓકટોબર સુધી "સ્વસ્થ નારી સશકત પરિવાર" અભિયાનની વિશેષ ઉજવણી કરવામાં આવનાર છે. જે અંતર્ગત તા. ૧૭ સપ્ટેમ્બરના રોજ સાબરકાઠાં જિલ્લા સાંસદશ્રી શ્રીમતી શોભનાબેન બારૈયા અને રાજ્યસભા સાંસદશ્રી શ્રીમતી રમિલાબેન બારાની વિશેષ ઉપસ્થિતિમાં "સ્વસ્થ નારી સશકત પરિવાર" અભિયાનનો શુભારંભ કરવામાં આવશે. આ અભિયાન અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં તમામ સરકારી આરોગ્ય કેંદ્રો ખાતે મહિલાઓની આરોગ્ય વિષયક વિવિધ સેવાઓ અને માર્ગદર્શન , નિષ્ણાંત તબીબો દ્વારા હદયરોગ, કેન્સર, કિડની, ટીબી, ડાયાબિટિસ, લોહીનું ઉંચુ દબાણ, સ્ત્રીરોગ, આંખ-કાન-ગળાના રોગો, લોહીની ઉણપ, સિકલસેલ, સગર્ભાવસ્થાની તપાસ, રસીકરણની સુવિધાઓ, રકતદાન કેમ્પ, ૮ મા રાષ્ટ્રીય પોષણ માસનો શુભારંભ અને પ્રધાનમંત્રી માતૃવંદના યોજનાના લાભોનું વિતરણ જેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.આવો, અભિયાનમાં સહભાગી થઈ સ્વસ્થ પરિવારનું નિર્માણ કરીએ. એમ મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી સાબરકાંઠાની એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# વિસનગર સાંકળચંદ પટેલ યુનિવર્સીટી દ્વારા યોજાયેલ સેમિનારમાં ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૫

સાંકળચંદ પટેલ યુનિવર્સિટી, વિસનગર ખાતે **"Semiconductor & Artificial Intelligence Synergy: Industry Trends and Opportunities"** વિષયક નિષ્ણાત સત્ર તાજેતરમાં સાંકળચંદ પટેલ કોલેજ ઓફ એન્જીનીયરીંગ, વિસનગર ખાતે તા. ૨૩મી ઑગસ્ટ ૨૦૨૫ ના રોજ **"Semiconductor & Artificial Intelligence Synergy: Industry Trends and Opportunities"** વિષય પર વિષયક નિષ્ણાત સત્ર નું આયોજન કરવામાં આવ્યું હતું. ઈન્ફોર્મેશનટેકનોલોજી, કમ્પ્યુટર એન્જિનિયરિંગ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ & ડેટા સાયન્સ તથા એમ.સી.એ. વિભાગ દ્વારા આ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સત્રનું માર્ગદર્શન ઈ-ઈન્ફોચિપ્સ, અમદાવાદની નિષ્ણાત ટીમ દ્વારા આપવામાં આવ્યું હતું. ઈ-ઈન્ફોચિપ્સ, જે પ્રોડક્ટ એન્જિનિયરિંગ અને સેમીકન્ડક્ટર સર્વિસિસ ક્ષેત્રે અગ્રણી વૈશ્વિક સંસ્થા છે, તેમના નિષ્ણાતોએ સેમીકન્ડક્ટર અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના સંગમ વિષે અમૂલ્ય માર્ગદર્શન આપ્યું.




વિદ્યાર્થીઓએ ઈન્ડસ્ટ્રીના તાજા વલણો, સંશોધનના અવસરો તથા કારકિર્દી વિકાસની સંભાવનાઓ અંગે માહિતી મેળવી. સાથે જ વાસ્તવિક કેસ સ્ટડીઝ અને ઈન્ડસ્ટ્રી નિષ્ણાતો સાથેની ચર્ચા-વિચારણાથી વિદ્યાર્થીઓને ઊંડાણપૂર્વકનું જ્ઞાન પ્રાપ્ત થયું.

સત્રમાં વિવિધ વિભાગોના ૧૦૦ થી વધુ વિદ્યાર્થીઓ તથા ફેકલ્ટી સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. તમામ નોંધાયેલ ભાગ લેનાર વિદ્યાર્થીઓને ઈ-સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા. ઈ-ઈન્ફોચિપ્સની નિષ્ણાત ટીમનો આભાર માનતા કૃતજ્ઞતા વ્યક્ત કરવામાં આવી. તેમની મૂલ્યવાન માહિતીથી કાર્યક્રમ અત્યંત અસરકારક અને સમૃદ્ધિપૂર્ણ બન્યો.

આ કાર્યક્રમને સફળ બનાવવા ડૉ. પી. જે. પટેલ (પ્રિન્સિપલ, **SPCE**), ડૉ. સંજીવ પુનિયા **(HOD-CE/IT )**, ડૉ. મનીષ એમ. પટેલ **(HOD-AI&DS)**, ડૉ. અંકુર જે. ગોસ્વામી **(Asst. Prof. –IT)**, ડૉ. એમ. આઈ. સંધી **(HOD-MCA)** તથા સમર્પિત ફેકલ્ટી ટીમનું વિશેષ યોગદાન રહ્યું. કાર્યક્રમની સફળતા માટે સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના પ્રમુખ શ્રી પ્રકાશભાઈ પટેલ, પ્રોવોસ્ટ ડૉ. પી. એમ. ઉદાની એ જરૂરી માર્ગદર્શન અને સહયોગ પુરો પાડ્યો હતો.

Volume : 11 Issue : 153 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, District Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002